અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૫ સપ્ટેમ્બર ૨૦૨૩, મંગળવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, નિ.શ્રાવણ વદ છઠ | અંક : ૪૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# વડાપ્રધાન મોદીના શાસનમાં ભારતને મળી રોકેટની ગતિ

। નવી દિલ્હી, તા.૪ ।

બ્રિટિશ મીડિયાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં થયેલા વિકાસ કાર્યોના વખાણ કર્યા છે. બ્રિટનના અખબાર 'ધ ટેલિગ્રાફે' લખ્યું હતું કે વડાપ્રધાન મોદીના શાસનમાં રાજકીય સ્થિરતાના કારણે ભારત કાયદાકીય સુધારા, મૂળભૂત કલ્યાણ યોજનાઓમાં સુધારો, ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહન આપવામાં સફળ રહ્યું છે.



બ્રિટિશ લેખક બેન રાઈટે આ લેખમાં લખ્યું હતું કે રાજકારણ વિવાદોમાં ઘેરાયેલું હોવા છતાં ભારત તેના ભૌગોલિક ફાયદાઓ અને ડિજિટલ કૌશલ્યની વિશાળ સંભાવનાઓ દ્વારા આગળ વધી રહ્યું છે. લેખમાં કહેવામાં આવ્યું છે કે ભારતમાં શક્યતાઓ છે, પરંતુ કેટલાક પડકારો પણ છે. આવી સ્થિતિમાં પીએમ મોદીના નેતૃત્વમાં ભારતે મોટા લક્ષ્યો નક્કી કર્યા છે અને તેને પ્રાપ્ત કરવાની દિશામાં આગળ વધી રહ્યું છે. આ એપિસોડમાં લેખકે ચંદ્રયાન-૩ની સફળતાનો પણ ઉલ્લેખ કર્યો છે. એર ઈન્ડિયાના એરબસ અને બોઈંગને રેકોર્ડ ૪૭૦ એરક્રાફ્ટ આપવાના ઓર્ડરનો ઉલ્લેખ કરતા લેખમાં કહેવામાં આવ્યું છે કે સમગ્ર વિશ્વની રાજધાનીઓમાં પીએમ મોદી માટે રેડ કાર્પેટ પાથરવામાં આવી રહી છે. IMFએ આગાહી કરી છે કે ૨૦૨૩ અને આગામી પાંચ વર્ષ સુધી ભારત વિશ્વની સૌથી ઝડપ થી વિકસતી અર્થવ્યવસ્થા બની રહેશે. લેખમાં Appleના બોસ ટિમ કૂકની મુંબઈ અને દિલ્હીમાં વ્યક્તિગત રીતે પ્રથમ બે રિટેલ આઉટલેટ્સ ખોલવાની અને Apple માટે iPhones બનાવતી તાઈવાનની કંપની ફોક્સકોમ દ્વારા કર્ણાટકમાં ૧ બિલિયન ડોલરની ફેક્ટરી શરૂ કરવાની યોજનાનો પણ ઉલ્લેખ કરાયો હતો.

### મોદીના શાસનમાં રાજકીય સ્થિરતાના કારણે ભારત કાયદાકીય સુધારા

અમેરિકન કંપની માઈક્રોનની ગુજરાતમાં સેમી-કન્ડક્ટર ફેક્ટરી સ્થાપવાની જાહેરાત અને આંતરરાષ્ટ્રીય કંપની ગોલ્ડમેન સેશ ભારતમાં તેની બોર્ડ મીટિંગ યોજે છે તે પણ ભારતની વધતી તાકાત સાથે જોડાયેલી છે. અખબારે લખ્યું છે કે વર્તમાન મૂલ્યાંકન મુજબ ભારત આગામી ચાર વર્ષમાં વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે. સાત વર્ષમાં તેની કામ કરવા યોગ્ય વસ્તી ચીન કરતા ૨૩.૫ કરોડને વટાવી જશે, જે પાકિસ્તાન કરતા વધુ છે. રિપોર્ટમાં બિઝનેસ સિવાયના અન્ય ક્ષેત્રોમાં ભારતના વધતા જતા દબદબોનો પણ ઉલ્લેખ કરાયો છે. ઇન્ડિયન પ્રીમિયર લીગ હવે અમેરિકન ફૂટબોલ લીગ પછી વિશ્વની બીજી સૌથી મૂલ્યવાન સ્પોર્ટ્સ લીગ છે. એ જ એપિસોડમાં અખબારે ઉલ્લેખ કર્યો છે કે સ્પાઈડર-મેન શ્રેણીની નવી ફિલ્મમાં પ્રથમ વખત કોઈ ભારતીયને સુપરહીરો સ્પાઈડર-મેન તરીકે દર્શાવવામાં આવ્યો છે. આ ફિલ્મે ભારતમાં સારો બિઝનેસ કર્યો છે. ફિલ્મમાં પવિત્ર પ્રભાકર સ્પાઇડર મેન બન્યો છે.

## ન્યૂઝ બ્રિફ

### જન આશીર્વાદ યાત્રામાં હવે નહી જાઉં : ઉમા ભારતી



। ભોપાલ, તા.૪ ।

મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા ઉમા ભારતી પાર્ટી દ્વારા યોજવામાં આવનાર 'જન આશીર્વાદ યાત્રા'નું આમંત્રણ ન મળવા બદલ એટલે હદે નારાજ થઈ ગયા છે કે તેમણે કહ્યું કે જો હવે આમંત્રણ મળશે તો પણ હું આ યાત્રામાં જોડાવાની નથી. ખરેખર તો મધ્યપ્રદેશમાં ભાજપ પ્રજા વચ્ચે સરકારની સિદ્ધીઓ પહોંચાડવા માટે જનસંપર્ક યાત્રા યોજી રહ્યો છે પણ આ યાત્રામાં રાજ્યના પૂર્વ સીએમઉમા ભારતીને આમંત્રણ જ નથી અપાયું. ભોપાલમાં એક કાર્યક્રમમાં પહોંચેલા ઉમા ભારતીને જ્યારે સવાલ કરાયો તો તેમનું દર્દ છલકાયું હતું.

### તેજી સાથે સપ્તાહના પ્રથમ દિવસની શરૂઆત

# સેન્સેક્સમાં ૨૪૧, નિફ્ટીમાં ૯૪ પોઈન્ટનો વધારો નોંધાયો

**સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૧૫ વધ્યા અને નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૩૧ વધ્યા અને ૧૯ નુકસાન સાથે બંધ થયા**

। મુંબઈ, તા.૪ ।

સપ્તાહના પ્રથમ દિવસે જ શેર માર્કેટમાં તેજીનો માહોલ જોવા મળ્યો છે. આજે કારોબારી દિવસના અંતે સેન્સેક્સ અને નિફ્ટી બન્ને તેજી સાથે બંધ થયા હતા. બીએસઇ ઈન્ડેક્સ સેન્સેક્સ દિવસના અંતે આજે ૦.૩૭ ટકા અપ સાથે ૨૪૦.૯૮ પોઈન્ટના ઉછાળા સાથે ૬૫,૬૨૮.૧૪ના સ્તર પર બંધ રહ્યો હતો, તો વળી, એનએસઇ ઈન્ડેક્સ નિફ્ટી પણ અપ રહ્યું, આજે નિફ્ટી ૦.૪૮ ટકાના વધારા સાથે ૯૩.૫૦ પોઈન્ટ ઉછળ્યો અને ૧૯,૫૨૮.૮૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સપ્તાહના પ્રથમ કારોબારી દિવસે ભારતીય શેરબજારમાં જબરદસ્ત ઉછાળો જોવા મળ્યો છે. વૈશ્વિક સંકેતો, બેકિંગ અને આઈટી શેરોમાં જોરદાર ખરીદી જોવા મળી હતી. આજે ટ્રેડિંગના અંતે બીએસઈસેન્સેક્સ ૨૪૧ પોઈન્ટના ઉછાળા સાથે ૬૫,૬૨૮ પોઈન્ટ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ નિફ્ટી ૯૩ પોઈન્ટના ઉછાળા સાથે ૧૯,૫૨૮ પોઈન્ટ પર બંધ રહ્યો હતો.

### સતત ૫ સપ્તાહના નુકસાન બાદ છેલ્લા સપ્તાહ દરમિયાન બજારમાં તેજી જોવા મળી હતી

નિફ્ટી આઈટી ૬૫૦ પોઈન્ટ અથવા ૨.૦૬ ટકાના ઉછાળા સાથે ૩૨,૧૬૪ પોઈન્ટ પર બંધ રહ્યો હતો. આ સિવાય બેક્કિંગ, મેટલ્સ, એનર્જી, મીડિયા, ઓઇલ એન્ડ ગેસ, હેલ્થકેર અને સરકારી કંપનીઓના સૂચકાંકોમાં જબરદસ્ત વૃદ્ધિ જોવા મળી હતી. મિડ કેપ ઈન્ડેક્સ ફરી રેકોર્ડ હાઈ પર બંધ થયો છે. નિફ્ટીનો મિડ કેપ ઈન્ડેક્સ ૩૮૫ પોઈન્ટ અથવા ૦.૯૮ ટકાના વધારા સાથે બંધ થયો હતો જ્યારે સ્મોલ કેપ ઈન્ડેક્સ ૧૬૪ પોઈન્ટના વધારા સાથે બંધ થયો હતો. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૧૫ વધ્યા અને ૧૫ નુકસાન સાથે બંધ થયા. નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૩૧ વધ્યા અને ૧૯ નુકસાન સાથે બંધ થયા. સ્થાનિક શેરબજારમાં લાંબા અંતર બાદ ફરી તેજી પાછી આવી છે. સતત ૫ સપ્તાહના નુકસાન બાદ છેલ્લા સપ્તાહ દરમિયાન બજારમાં તેજી જોવા મળી હતી. તાજેતરમાં આર્થિક મોરચે સારા સમાચારને કારણે બજારને સપોર્ટ મળ્યો છે. નવા સપ્તાહ દરમિયાન કેટલાક મહત્વપૂર્ણ આર્થિક ડેટા પણ જાહેર થવાના છે. ચાલો જાણીએ ૪ સપ્ટેમ્બરથી શરૂ થતું અઠવાડિયું બજાર માટે કેવું રહેશે. ગયા સપ્તાહની વાત કરીએ તો, બીએસઈના ૩૦ શેરોવાળા સેન્સેક્સમાં ૫૦૦.૬૫ પોઈન્ટ અથવા ૦.૭૭ ટકાનો વધારો થયો હતો, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૧૬૯.૫ પોઈન્ટ અથવા ૦.૮૭ ટકા વધ્યો હતો. તે પહેલાં, ૨૫ ઓગસ્ટના રોજ પૂરા થયેલા સપ્તાહ દરમિયાન, સેન્સેક્સ ૬૨.૧૫ પોઈન્ટ અથવા ૦.૦૯ ટકા અને નિફ્ટી ૪૪.૩૫ પોઈન્ટ અથવા ૦.૨૨ ટકા તૂટ્યો હતો.

### દેશના અનેક રાજ્યોમાં ભર ચોમાસે ભારે ગરમી

# ક્લાઈમેટ ચેન્જનો વધતો પ્રકોપ ઓગસ્ટ બાદ સપ્ટેમ્બર પણ સુકો જવાની શક્યતા

**સપ્ટેમ્બર મહિનામાં પણ સામાન્ય કરતા વધુ તાપમાન નોંધાયું, આ મહિનાની શરૂઆતથી જ ભારતના ઘણાં રાજ્યોમાં તાપમાન ૪૦ ડિગ્રી પાર કરી ગયું**

। નવી દિલ્હી, તા.૪ ।

સમગ્ર દેશમાં હાલ ચોમાસાની ઋતુ ચાલી રહી છે. વરસાદના આ મોસમમાં પણ દેશના ઘણાં રાજ્યોમાં લોકોને ગરમીનો સામનો કરવો પડી રહ્યો છે. ગયા મહિને વર્ષ ૧૯૦૧ પછી સૌથી ગરમ અને સૂકું તાપમાન નોંધવામાં આવ્યું હતું. જો કે સેપ્ટેમ્બર મહિનામાં પણ સામાન્ય કરતા વધુ તાપમાન નોંધાઈ રહ્યું છે. આ મહિનાની શરૂઆતથી જ ભારતના ઘણાં રાજ્યોમાં તાપમાન ૪૦ ડિગ્રી પાર કરી ગયું હતું. હવામાન નિષ્ણાંતોએ આ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. આ વધી રહેલા તાપમાનને ક્લાઈમેટ ચેન્જનો વધતો પ્રકોપ માનવામાં આવી રહ્યો છે.

સેપ્ટેમ્બર મહિનામાં અત્યાર સુધી હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ અને સિક્કિમના કેટલાંક ભાગોમાં તાપમાન સામાન્ય કરતા ૩થી ૫ ડિગ્રી વધુ નોંધવામાં આવ્યું હતું. ગઈકાલે રાજસ્થાનના ચુરુમાં અધિકતમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસ, પિલાનીમાં ૩૯.૫ જયારે મધ્ય પ્રદેશના ખજુરાહોમાં ૩૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દેશના ઘણાં રાજ્યો અને રાજસ્થાનના ઘણાં મહત્વપૂર્ણ શહેરોમાં તાપમાન સામાન્ય કરતા વધુ નોંધાયું હતું.

આઈએમડીના મહાનિદેશકના જણાવ્યા અનુસાર જો સેપ્ટેમ્બરમાં વધુ વરસાદ પડે પણ છે તો પણ જૂનથી સેપ્ટેમ્બરના સત્ર દરમિયાન નોંધાયેલ સરેરાશ વરસાદ સિઝનના સામાન્ય વરસાદ કરતા ઓછો રહેવાનો અનુમાન છે. તેઓએ વધુમાં જણાવ્યું કે, ગયા મહિને થયેલા ઓછા વરસાદ પાછળનું કારણ વિષુવવૃત્તીય પ્રશાંત મહાસાગરમાં અલ નીનોની સ્થિતિનું નિર્માણ થવું છે. અરબી સમુદ્ર અને બંગાળની ખીણની સમુદ્રી સપાટીના તાપમાનમાં અંતર હવે પોઝીટીવ થવાનો શરુ થઈ ગયો છે, જે અલ નીનોના પ્રભાવને ઉલટી શકે છે.




સંતરામપુર જિલ્લા અને તાલુકાઓ દરેક ગ્રામ્ય વિસ્તારોમાં પત્રકારો નિમવાના છે સંપર્ક કરો

સંતોષકુમાર જોષી
મો.63550 761743

ફુલ ફુલ અભિનંદન



ધોબી અમિતકુમાર રમણલાલ
સંતરામપુર લુણાવાડા તાલુકા પત્રકાર
(ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત)
દૈનિક સમાચાર પત્ર
લુણાવાડા તાલુકા પત્રકાર તરીકેની વરણી બદલ આપને ખુબ ખુબ અભિનંદન..
શુભેચ્છક
સમગ્ર ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત પરિવાર

ફુલ ફુલ અભિનંદન



ચૌહાણ ઓમકારસિંહ પુષ્પતસિંહ
ગામ - ઉડવા, સંતરામપુર પત્રકાર
(ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત)
દૈનિક સમાચાર પત્ર
સંતરામપુરના ઉડવા ગામ ખાતે પત્રકાર તરીકેની વરણી બદલ આપને ખુબ ખુબ અભિનંદન..
શુભેચ્છક
સમગ્ર ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત પરિવાર

ફુલ ફુલ અભિનંદન



પટેલ પુરષોત્તમભાઈ નાનાભાઈ
સંતરામપુર રૂરલ પત્રકાર
(ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત)
દૈનિક સમાચાર પત્ર
સંતરામપુર રૂરલ પત્રકાર તરીકેની વરણી બદલ આપને ખુબ ખુબ અભિનંદન..
શુભેચ્છક
સમગ્ર ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત પરિવાર

દરેક બનતી ઘટનાઓ ઉપર નજર
રોજ સમાચાર પત્રની પિડીએફ ફાઈલ
દેશ અને દુનિયાના દરેક સમાચારો
રાજ્યના દરેક ખુણામાં પત્રકારો
વેબસાઈટ, વોટ્સએપ, ઈન્સ્ટાગ્રામ,
ટેલીગ્રામ દરેક ડિજીટલ પ્લેટફોર્મ ઉપર

www.cnngujarat.com
દેશ અને દુનિયાના સમાચાર હવે તમારી એક આંગળીના ઈશારા ઉપર...



## ન્યુઝ બોક્ષ

### લાઉડ સ્પીકરના નિયમો દરેક ધાર્મિક સ્થાનોમાં લાગુ પડશે

| અમદાવાદ, તા.૪ |

રાજ્યમાં લાઉડ સ્પીકર ધ્વનિ પ્રદૂષણ મામલે થયેલી અરજીનો રાજ્ય સરકારે કોર્ટ સમક્ષ સ્વીકાર કર્યો છે. પૂર્વ મંજૂરી મેળવ્યા વિના લાઉડ સ્પીકરના થતા ઉપયોગ સામે રાજ્ય સરકાર હવે કાર્યવાહી કરશે.અત્રે ઉલ્લેખનીય છે કે, લાઉડ સ્પીકરના ઉપયોગ અંગેના નિયમો ધાર્મિક સ્થાનોને પણ સરખી રીતે જ લાગુ પડશે. સ્થાનિકોને અગવડ પડે તે રીતના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા પર અંકુશ મુકાશેલગ્ન પ્રસંગ, રાજકીય મેળાવડા સહિતના ઉત્સર કે ધાર્મિક રેલી પ્રસંગોમાં ડીજે ટ્રક, મોટા લાઉડસ્પીકર કોઈ પણ જાતના નિતિ નિયમો વગર રાજ્યભરમાં ધ્વનિ પ્રદૂષણ ખૂબ જ ગંભીર રીતે ફેલાઈ રહ્યું છે. જેનાથી નાગરિકોને હેરાન પરેશાન થવાનો વારો આવ્યો છે. તેમજ ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા મ્યુઝિક સિસ્ટમને કારણે બાળકો, વયોવૃદ્ધને ભારે તકલીફ ભોગવવી પડે છે. ત્યારે જે સમગ્ર બાબતને લઈ હવે રાજ્ય સરકાર કડક કાર્યવાહી કરશે. અગાઉ રાજ્યમાં લાઉડ સ્પીકર અને Dj ધ્વનિ પ્રદૂષણ મામલે હાઈકોર્ટે સરકારને ટકોર કરી છે. ત્યારે આ મામલો સરકારી એડવોકેટ જનરલે પણ ધ્વનિ પ્રદૂષણ એક સમસ્યા હોવાનું સ્વીકાર્યું હતું. અરજદાર દ્વારા રિજોઈન્ડર દાખલ કરી સૂચનો આપવામાં આવ્યા હતા. જેમાં અરજદારે ધ્વનિ પ્રદૂષણ મુદ્દે તંત્ર સાથે લોકજાગૃતિ પણ જરૂરી જણાવ્યું હતું. GPCB ના જાહેરનામા મુજબ અવાજની લિમિટ લગાવવામાં આવે તેવી અરજદાર દ્વારા રજૂઆત પણ કરવામાં આવી હતી.

### વિમલ નમકીનનો પાંચ હજાર કિલો અખાદ્ય જથ્થો નાશ કરવામાં આવ્યો

| રાજકોટ,તા.૪ |

રાજકોટમાં આરોગ્ય વિભાગના દરોડા દરમિયાન કેટલાક ખાદ્ય પદાર્થોમાં કપડા ધોવાનો પાવડરનો ઉપયોગ કરવામાં આવે છે. એકના એક તેલમાં જ ફરસાણ તળવામા આવતુ હોય છે. વિમલ નમકીનનો પાંચ હજાર કિલો અખાદ્ય જથ્થો આરોગ્ય વિભાગે ઝડપીને તેને નાશ કરવામાં આવ્યો છે. ચટપટો સ્વાદ તમને મોંઘો પડી શકે છે. તહેવારો દરમિયાન ચટપટા ફરસાણ સહિતના ચટાકા લેતા પહેલા સાવચેતી દાખવવી જરુરી છે. રાજકોટમાં આરોગ્ય વિભાગના દરોડા દરમિયાન કેટલાક ખાદ્ય પદાર્થોમાં કપડા ધોવાનો પાવડરનો ઉપયોગ કરવામાં આવે છે. એકના એક તેલમાં જ ફરસાણ તળવામા આવતુ હોય છે. વિમલ નમકીનનો પાંચ હજાર કિલો અખાદ્ય જથ્થો આરોગ્ય વિભાગે ઝડપીને તેને નાશ કરવામાં આવ્યો છે. તહેવારોને લઈ આરોગ્ય વિભાગ દ્વારા દરોડાની કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં કેટલાક ફરસાણ અને નમકીનનો જથ્થો અખાદ્ય હોવાનુ જણાઈ આવ્યુ હતુ. તબિબો માને છે કે, જે રીતે કપડા ધોવાનો સોડાનો ઉપયોગ કરવામાં આવે તો, તે લાંબા ગાળે કેન્સર થઈ શકે છે.

### મોટી સંખ્યામાં ભક્તોએ કર્યા દર્શન

# શ્રાવણના સોમવારે સોમનાથ હર હર મહાદેવના નાદથી ગુંજ્યું ઉઠ્યું હતુ

## શ્રાવણ મહિનામાં દૂર દૂરથી આવતા ભાવિ ભક્તો પણ એક બે વાર નહિ પરંતુ અનેક વાર મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવે છે

| ગીર સોમનાથ, તા.૪ |



આજે શ્રાવણ માસના ત્રીજા સોમવારે ગીર સોમનાથમાં ભાવિક ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે. શ્રાવણ માસના ત્રીજા સોમવાર અને નજીકમાં જન્માષ્ટમીના તહેવારોને કારણે ભાવિકો ઉમટી પડયા છે. વહેલી સવારે મહાદેવના કપાટ ખુલતાની સાથે પ્રભાસ ક્ષેત્ર હરહર મહાદેવના નાદથી ગુંજી ઉઠ્યું હતુ. પવિત્ર શ્રાવણ માસ અડધો પસાર થઈ ચૂક્યો અને નજીકમાં જન્માષ્ટમી સહિતના તહેવાર પણ આવી રહ્યા છે. ત્યારે આજે પવિત્ર શ્રાવણ માસના ત્રીજા સોમવારને લઈ દેશના પ્રથમ જ્યોતિર્લિંગ વિશ્વ પ્રસિદ્ધ સોમનાથ મહાદેવના દર્શને મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પ ડ્યા હતા. વહેલી સવારે શ્રાવણ માસના સોમવારને લઈ સોમનાથ મંદિર ભાવિ ભક્તો માટે સવારે ૪ વાગ્યે ખોલવામાં આવે છે અને અવિરત રાત્રીના ૧૦ વાગ્યા સુધી ભક્તો મહાદેવના દર્શન કરી શકે તે માટે સોમનાથ ટ્રસ્ટ દ્વારા સતત ખુલ્લું રાખવામાં આવે છે. શ્રાવણ મહિનામાં દૂર દૂરથી આવતા ભાવિ ભક્તો પણ એક બે વાર નહિ પરંતુ અનેક વાર મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવે છે.

સોમનાથ મહાદેવ કે જેમના ભક્તો ભારતભરમાં જ નહિ પ રંતુ વિદેશમાં પણ આટલા ભક્તો જોવા મળે છે. ત્યારે કેટલાક ભક્તો મહાદેવના દર્શન સોશિયલ મીડિયાના માધ્યમથી કરતા હોય છે. તો કેટલાક વિદેશમાં વસતા ભક્તો પ્રયક્ષ દર્શન માટે પણ આવતા હોય છે. ત્યારે દૂર દૂરથી આવતા ભાવિ ભક્તો પણ મહાદેવના દર્શન અને સોમનાથ આસપાસના ખુશનુમા વાતાવરણ અને સમુદ્રનો નજારો જોઈને અલગ જ અનુભૂતિ કરે છે. સોમવાર બાદ જન્માષ્ટમી નિમિત્તે પણ ભક્તોની ભારે ભીડ જોવા મળશે તેવી શક્યતા સેવાઈ રહી છે.

### મેઘરાજા જન્માષ્ટમીએ તરબોળ કરશે?

## વરસાદનું જોર વધવાની હવામાન વિભાગની આગાહી

### રાજ્યમાં ઓગસ્ટ મહિનો લગભગ કોરો ધાકોર રહ્યો બાદ સપ્ટેમ્બરની શરુઆતમાં પણ રાજ્યમાં વરસાદની આતુરતાથી રાહ જોવાઈ રહી છે

| અમદાવાદ, તા.૪ |

રાજ્યમાં ઓગસ્ટ મહિનો લગભગ કોરો ધાકોર રહ્યો બાદ સપ્ટેમ્બરની શરુઆતમાં પણ રાજ્યમાં વરસાદની આતુરતાથી રાહ જોવાઈ રહી છે. હાલ રાજ્યના માત્ર દક્ષિણ ભાગમાં છૂટોછવાયો હળવો વરસાદ થઈ રહ્યો છે. હવામાન વિભાગે રાજ્યમાં અઠવાડિયા દરમિયાન કેવું હવામાન રહેશે તે અંગેની આગાહી કરીને ખુશખબર જણાવી છે. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે રાજ્યમાં વરસાદની સંભાવનાઓ ઉભી થઈ હોવાનું જણાવ્યું છે. આ દરમિયાન તેમણે રાજ્યના કયા ભાગોમાં વરસાદ થવાની શક્યતાઓ છે તે અંગે વાત કરી છે. હવામાન કેન્દ્રના વૈજ્ઞાનિક અભિમન્ય ચૌહણે કરેલી આગાહીમાં જણાવ્યું છે કે, અઠવાડિયા દરમિયાન વરસાદની સંભાવનાઓ જોવાઈ રહી છે, જેમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાતના હળવાથી સામાન્ય વરસાદ પડવાની સંભાવનાઓ છે. જેમા ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, નર્મદ, છોટાઉદેપુર, દમણ અને દાદરા નગર હવેલી વગેરેનો સમાવેશ થાય છે. આ સિવાય અમદાવાદ, દાહોદ, ખેડા, આણંદ, મહીસાગર, પંચમહાલમાં પણ હળવાથી સામાન્ય વરસાદ થવાની સંભાવનાઓ છે. હવામાન વિભાગે રાજ્યના દક્ષિણ અને મધ્ય તથા ઉત્તર ગુજરાતના ભાગોમાં વરસાદ થવાની સંભાવનાઓ વ્યક્ત કરી છે તેની સાથે સૌરાષ્ટ્ર અંગે પણ સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગે સૌરાષ્ટ્રના દક્ષિણ ભાગમાં આવેલા જિલ્લાઓમાં વરસાદ થવાની આશા વ્યક્ત કરી છે.

અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, દીવ વગેરેમાં હળવો વરસાદ થવાની શક્યતાઓ છે. જોકે, કચ્છનો ભાગ સૂકો રહેવાની સંભાવનાઓ છે. હવામાન વિભાગે આ વરસાદ અંગેના કારણ વિશે પણ વાત કરી છે. અમદાવાદ શહેર અંગે હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે જેમાં આકાશ વાદળછાયું રહેવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે. અમદાવાદ જિલ્લામાં કોઈ એકાદ જગ્યા પર હળવો વરસાદ આજના દિવસમાં થઈ શકે છે. હવામાન વિભાગે રાજ્યમાં આ અઠવાડિયા દરમિયાન વરસાદ થવાનું કારણ રજૂ કરીને જણાવ્યું છે કે, બંગાળની ખાડીમાં એક સર્ક્યુલેશન બન્યું છે, જે લો-પ્રેશર બની શકે છે, જેની અસરથી ગુજરાતમાં વરસાદ થવાની શક્યતાઓ છે.

## ગુજરાતના પ્રખ્યાત મહિલા સામાજિક કાર્યકર સાથે થઈ મોટી છેતરપીંડી

| અમદાવાદ,તા.૪ |

ગુજરાતના નામાંકિત સામાજિક કાર્યકર રુઝાન ખંભાતા મોટી છેતરપીંડીનો ભોગ બન્યા છે. સેબીના પ્રમાણિત રીસર્ચ એનાલીસ્ટ હોવાનું કહીને તેમની પાસેથી ૭૪ લાખ પડાવી લેવાયા. બે ડિમેટે એકાઉન્ટમાં ટ્રેડ કરીને લોસ રીકવર કરવાનું કહીને નાણાં પરત ન કર્યા. ત્યારે રુઝાન ખંભાતાએ આ અંગે પોલીસ ફરિયાદ નોંધાવી, જેમાં જણાવ્યું કે, શેર માર્કેટમાં રોકાણ કરીને વધારે નફો અપાવાવની લાલચ આપીને મુંબઈની ગઠિયા ટોળકીએ રૂ.૭૪ લાખનું નુકશાન કરાવ્યું છે. સાયબર ક્રાઈમમાં ૩ કંપનીના સંચાલકો સામે ફરિયાદ દાખલ થઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રુઝાન ખંભાતા જાણીતા સામાજિક કાર્યકર છે. તેઓ પંચવટી વ્હાઈટ હાઉસ ખાતે વીઝિયોટેક નામની આઈટી કંપની ધરાવે છે. તેઓ આ વર્ષની શરૂઆતમાં એ ટુ કે એન્ટર પ્રાઈઝ, એ ટુ કે એન્ટરપ્રાઈઝના ભાગીદાર પ્રીતિ બાજુ, એ ટુ કે એન્ટરપ્રાઈઝના મુકેશ અરોરાના સંપર્કમાં આવ્યા હતા. આ લોકોએ રુઝાન ખંભાતાને શેર માર્કેટમાં રોકાણ પર વધુ નફો રળવાની લાલચ આપી હતી.

શેર માર્કેટમાં રોકાણ માટે રુઝાન ખંભાતા તૈયાર થયા હતા, અને પંચવટી ખાતેના એક કોફી શોપમાં તેઓની મુલાકાત થઈ હતી. જ્યાં તેઓએ રુઝાન ખંભાતાને વિશ્વાસ અપાવ્યો હતો કે, તેઓ શેરબજારમાં વધારે નફો કરાવશે. જેથી રુઝાન ખંભાતાએ અલગ અલગ સમયે કુલ ૭૪ લાખનું રોકાણ કર્યુ હતું. આ ત્રણેય કંપનીઓ રુઝાન ખંભાતા વતી શેર બજારના સોદા કરતા હતા.

આશરે ૧૩ મહિના પહેલા મુકેશ અરોરા અને પ્રિતી બાજુના ટ્વીટર પર જોતા જાણવા મળ્યું હતું કે તે સેબીના સર્ટીફાઈટ રીસર્ચ ટ્રેડ એનાલીસીસ છે. જે બાદ તેમનો સંપર્ક કર્યો હતો. તેમણે જણાવ્યું હતું તેમની ઓફિસ કાંદીવલી ઈસ્ટમાં આવેલી છે. જે પછી તેમણે ઝાન ખંભાતાને વોટ્સએપ ગ્રૂપમાં એડ કર્યા હતા. જેમાં ટ્રેડ બેનેફીટ અંગે મેસેજ કરવામાં આવતા હતા. પરંતુ રુઝાન ખંભાતાને શેર બજારમાં રોકાણથી ૭૪ લાખનું નુકસાન થયુ હતું. અંગે અમદાવાદ ક્રાઈમબ્રાંચે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

## ડભાણ-ટુંડેલ બ્રિજ નીચે ચપ્પાની અણીએ ટ્રક ડ્રાઈવરને લૂંટી લેવાયો

| ખેડા,તા.૪ |

નેશનલ હાઈવે નંબર ૪૮ પર નડિયાદ નજીક ટુંડેલ બ્રિજ નીચે ગઈકાલે મધરાતના સમયે ડાલા જેવા એક વાહનમાં ધસી આવેલ બુકાનીધારી લૂંટારુઓએ ટ્રકને રોકીને ડ્રાઈવર પાસેની રોકડ એક મોબાઈલ અને ટ્રકમા રહેલ ડીઝલની લૂંટ ચલાવી ફરાર થઈ જતા ચકચાર મચી જવા પામી છે. જોકે પોલીસ મથકે આ મામલે કોઈ ફરિયાદ નોંધાવી ન હોવાનું જાણવા મળ્યું છે પરંતુ મહત્વની વાત એ છે કે હાઈવે પર લૂંટની ઘટના પોલીસ માટે ચિંતાનો વિષય કહેવાઈ રહ્યું છે. ચર્ચાથી વાતો મુજબ પાલનપુરના સિદ્ધપુર ખાતેથી ટ્રકમાં ગઈકાલે માલ સામાન ભરી ચાલક મુંબઈ ખાતે ડિલિવરી કરવા નીકળ્યો હતો. ટ્રક રાત્રીના બારેક વાગ્યાની આસપાસ નેશનલ હાઈવે નંબર ૪૮ પર આવેલ ડભાણ ટુંડેલ બ્રિજ પાસેથી પસાર થતી હતી.

# ચલમ પિનારા સનાતનીની વાતો ના કરે : દર્શન સ્વામી

### એ લોકો ચલમ પીને પોતાને સનાતની કહેતા હોય તો અમે છાતી કાઢીને તિલક કરીએ છીએ એટલે તમારા કરતા પહેલા અમે સનાતની છીએ

| અમદાવાદ, તા.૪ |

સાળંગપુર હનુમાનજી મંદિરમાં ભિંતચિત્ર વિવાદ મામલો વધુ ગરમાયો છે. સમાધાનની વાતોની વચ્ચે વડતાલના સ્વામીએ ઉશ્કેરણીજનક નિવેદન આપ્યું છે. વડોદરા ગુરૂકુળના દર્શન સ્વામીએ કહ્યું હતું કે ચલમ પિનારા સનાતનીની વાતો ના કરે. તારા જેટલા સંતો ભેગા થાય તો પણ સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી છે. મારા ઈષ્ટદેવ સર્વોપરી છે. સ્વામિનારાયણ ભગવાન વિરૂદ્ધ સાખી લેવામાં આવશે નહીં. અન્ય સંતો કરતા પહેલા અમે સનાતની છીએ. સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી છે. દર્શન સ્વામીએ કહ્યું હતું કે મિત્રો આપણે કોઈનાથી દબાવાનું નથી. એ લોકો ચલમ પીને પોતાને સનાતની કહેતા હોય તો અમે છાતી કાઢીને તિલક કરીએ છીએ એટલે તમારા કરતા પહેલા અમે સનાતની છીએ. મહેરબાની કરી સ્વામિનારાયણ વાળાને છંછેડવાના ધંધા બંધ કરી દો. વિવાદ વકરતા સાળંગપુર કષ્ટભંજન મંદિરની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો હતો. કષ્ટભંજન હનુમાનજી મંદિરમાં પોલીસનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. મંદિરની સુરક્ષામાં બે SRPની ટુકડી, પાંચ ડિવાયએસપી, 10 PI, 8 PSI, ૨૭૫ પોલીસકર્મી, 115 GRD અને હોમગાર્ડ તૈનાત કરવામાં આવ્યા છે. કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. તે સિવાય અમદાવાદ, ભાવનગર સહિતના સ્વામિનારાયણ મંદિરોની સુરક્ષા વધારવામાં આવી છે. અમદાવાદના કાલુપુર સ્વામિનારાયણ મંદિર બહાર પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. છેલ્લા બે દિવસથી સ્વામિનારાયણ મંદિરની સુરક્ષામાં વધારો કરાયો હતો. ગઢડા, વડતાલ સ્વામિનારાયણ મંદિરની પણ સુરક્ષા વધારાઈ છે. ગઈકાલે સાળંગપુરમાં ચાલી રહેલા વિવાદ મામલે સ્વામિનારાયણના સંતોની બેઠક મળી હતી. આ બેઠક અંદાજે ત્રણ કલાક ચાલી હતી. સ્વામિનારાયણ સંપ્રદાયના ૬ મુખ્ય મંદિરો અમદાવાદ, ધોલેરા, જૂનાગઢ, ભૂજ, ગઢડા અને વડતાલના ૫૦ જેટલા સંતોની બેઠક મળી હતી. જેમાં સ્વામિનારાયણ સંપ્રદાયના આચાર્ય પક્ષ અને દેવ પક્ષના સંતો પણ હાજર રહ્યાં હતા. આ બેઠક બાદ વડતાલના ડો.સંત વલ્લભ સ્વામીએ મીડિયા સામે નિવેદન આપ્યું હતું. ડો.સંત વલ્લભ સ્વામીએ કહ્યું કે, સાળંગ પુર મંદિર ખાતે ચાલતા વિવાદનો સુખદ ઉકેલ લાવવા પ્રયાસ કર્યા છે. આ મામલે સંત સમિતિની નિમણુક કરાઈ છે. સમિતિ ચર્ચા વિચારણાના આંતે નિર્ણય લેવામાં આવશે.

## વિશેષ લેખ

### ચંદ્રની સપાટી ઉપર ભૂકંપના આંચકા કેમ આવે છે? : એક રહસ્ય

# ચંદ્ર પર સૂર્યની પ્રચંડ ગરમીથી ભૂતળ વિસ્તાર પામે ત્યારે ભૂકંપ સર્જાય છે



**સાંપ્રત પ્રવાહો**

લેખક : દીપક જગતાપ

ભૂકંપ માત્ર પૃથ્વી પર જ થાય છે એવુ નથી. ચન્દ્ર સહીત અન્ય ગ્રહો પર ધરતીકંપો થતાં રહે છે. તાજેતરમાં ઈસરોના ચન્દ્રયાન -૩ના રોવર દ્વારા ચંદ્રની સપાટી ઉપર ભૂકંપના આંચકા રેકોર્ડ થતાં વૈજ્ઞાનિકો પણ ચોંકી ઉઠ્યા છે. ચંદ્રની સપાટી ઉપર ૨૬ ઓગસ્ટના રોજ ભૂકંપના આંચકા નોંધાયા હતા. જોકે ચંદ્ર પર ભૂકંપ આવવા પાછળ કયા પરિબળો જવાબદાર છે તે હજી સ્પષ્ટ થયું નથી.

ચંદ્રયાન-૩ના વિક્રમ લેન્ડર પર લાગેલાઈન્સ્ટ્રૂમેન્ટ ઓફ લુનર સીસ્મિક એક્ટિવિટી પેલોડ દ્વારા ચંદ્રની સપાટી પર ભૂકંપની ઘટનાને રેકોર્ડ કરી હતી. ૨૬ ઓગસ્ટે ચંદ્ર ઉપર ભૂકંપ આવ્યા બાદ હવે વૈજ્ઞાનિકો ભૂકંપના સ્ત્રોત ની તપાસ કરી રહ્યા છે. ઈસરોએ જણાવ્યું હતુ કે, કવર અને અન્ય પેલોડના હલનચલનથી ચંદ્ર પર થતા કંપનરેકોર્ડ કરવાની સાથે સાથે કુદરતી કંપન પણ રેકોર્ડ થયા છે. વૈજ્ઞાનિકો કુદરતી કંપન પાછળ શું કારણ છે તેની તપાસ કરી રહ્યા છે.પૃથ્વીની જેમ ચંદ્ર ઉપર પણ જો ભૂકંપ આવે તો તેની પાછળ કયા પરિબળો જવાબદારછે તેનો ઊંડો અભ્યાસ વૈજ્ઞાનિકો કરી રહ્યા છે. ચંદ્રની સપાટી પર ફરતા પ્રજ્ઞાન રોવરને ચંદ્રની સપાટી પર કંપન અનુભવાયા હતાં . ચંદ્રયાન-૩ એ ઈસરોને સંદેશો મોકલ્યો હતો કે, પ્રજ્ઞાન રોવરએ ચંદ્રની સપાટી પર ભૂકંપની જાણ કરી છે. ઈસરોને મળેલી આ માહિતી બાદ એવું માનવામાં આવે છે કે, પૃથ્વીની જેમ ચંદ્ર પર પણ ધરતીકંપની ગતિવિધિઓ થાય છે.

ઈસરોના જણાવ્યા અનુસાર ચંદ્રયાન-૩ ના પ્રજ્ઞાન રોવરમાં સિસ્મિક એક્ટિવિટી અનુભવાઈ છે. ચંદ્ર પરના આ વાઈબ્રેશનને માઈક્રો ઈલેક્ટ્રો મિકેનિક સિસ્ટમથી રેકોર્ડ કરવામાં આવ્યું છે. આ પહેલા ૨૬ ઓગસ્ટના રોજ પણ પ્રજ્ઞાન રોવરને આવા કંપન અનુભવાયા હતા. હા,પૃથ્વી પર થતા ભૂકંપની જેમ ચંદ્રની ધરતી પર પણ ભૂકંપ થાય છે. જો કે તે બહુ ઓછા પ્રમાણમાં, ઓછી તીવ્રતાના હોય છે. ચંદ્ર પર થતા ભૂકંપને ખગોળશાસ્ત્રીઓ મૂનક્વેક કહે છે.

ચંદ્ર પરના કંપન પુષ્ટિ કરે છે કે ચંદ્ર પર પણ ધરતીકંપ આવે છે. નાસાના જણાવ્યા અનુસાર પૃથ્વી સિવાય અનેક ગ્રહો પર ભૂકંપ આવતા રહે છે. અહેવાલો અનુસાર મંગળ અને શુક્ર પર પણ ભૂકંપ આવવાની પુષ્ટિ થઈ છે.નાસાના વૈજ્ઞાનિક ડૉ.જેકબ રિચર્ડસનના જણાવ્યા અનુસાર, મંગળ અને શુક્ર પર હજારો ભૂકંપ આવે છે. આ ધરતીકંપોને માપવા માટે નાસાએ અનેક સિસ્મોમીટર અવકાશમાં મોકલ્યા છે. ડૉ. જેકબ સમજાવે છે કે, વાસ્તવમાં આ ગ્રહોની સપાટી નીચે હજારો ધરતીકંપો જોવા મળ્યા છે. આવી સ્થિતિમાં, તમામ ગ્રહો પર ધરતીકંપ આવતા રહેવાની સંભાવના છે કારણ કે, લગભગ તમામ ગ્રહોની સપાટી પર તિરાડો જોવા મળી છે જે ભૂકંપની ઘટનાની પુષ્ટિ કરે છે.






જોકે ચંદ્ર પરજે ભૂકંપ આવે છે તેને ચંદ્રકંપ કહેવાય છે. ડૉ. જેકબના મતે મંગળ, શુક્ર અને ચંદ્ર પર સતત ભૂકંપ આવતા રહે છે. જેમ પૃથ્વી પર આવતા ભૂકંપને ધરતીકંપ કહેવાય છે, તેવી જ રીતે ચંદ્ર પર આવતા ભૂકંપને ચંદ્રકંપ કહેવાય છે અને મંગળ પર આવતા ભૂકંપને માર્ક્સકવેક કહેવામાં આવે છે. તેવી જ રીતે શુક્ર પર જે ભૂકંપ આવે છે તેને શુક્ર ક્વેક કહે છે. પૃથ્વી પર થતા ભૂકંપની જેમ ચંદ્રની ધરતી પર પણ ભૂકંપ થાય છે. જો કે તે બહુ ઓછા પ્રમાણમાં, ઓછી તીવ્રતાના હોય છે. ચંદ્ર પર થતા ભૂકંપને ખગોળશાસ્ત્રીઓતેને મૂનક્વેક કહે છે.

નાસાના અભ્યાસ પ્રમાણે ચંદ્ર પર સૂર્યની પ્રચંડ ગરમીથી ભૂતળ વિસ્તાર પામે ત્યારે ભૂકંપ સર્જાય છે. ચંદ્ર પર દિવસ દરમિયાન ૨૮૦ ડિગ્રી તાપમાન થતાં ખડકો વિસ્તાર પામે છે અને રાત્રે તે ઠંડા પડે ત્યારે ભૂકંપ જેવી હલચલ મચે છે. ચંદ્ર પર કોઈ અવકાશી પદાર્થ કે લઘુગ્રહ અથડાય ત્યારે પણ ભૂકંપ થાય છે. ચંદ્ર પર થતા ભૂકંપ ૧૦ મિનિટ ચાલે છે. ૧૯૭૨ થી ૧૯૭૭ સુધીના સમયગાળામાં એપોલોના સિસ્મીક નેટવર્કે ચંદ્ર પર ૨૮ ભૂકંપ થયાનું નોંધ્યું હતું. કેટલાંક ભૂકંપ ૫.૫ની તીવ્રતાનાં હતાં. નાસાના વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર ચંદ્ર છેલ્લા લાખો વર્ષોમાં ૫૦ મિટર જેટલો સંકોચાયો છે. આ સંકોચાવાની પ્રક્રિયાને કારણે ચંદ્રનો અંદરનો ભાગ ધીમેધીમે ઠંડો પડી રહ્યો છે. આને લીધે ચંદ્ર પર ભૂકંપ પણ આવે છે.

ધરતીકંપના આંચકા પૃથ્વીના આંતરિક ભૌગોલિક માળખાના સક્રિય થવાને કારણે આવે છે. પરંતુ ચંદ્ર પર ભૂકંપ શા માટે આવે છે તે એક રહસ્ય છે. એપોલો યુગ દરમિયાન ચંદ્ર પર સ્થાપિત સિસ્મોમીટર્સે તેમને ૧૯૬૯ થી ૧૯૭૭ દરમિયાન માપ્યા હતા, જે દર્શાવે છે કે ચંદ્ર ભૂસ્તરીય રીતે સક્રિય છે. પરંતુ તેઓ ચંદ્ર પર કેમ આવ્યા તે આજે પણ એક રહસ્ય છે.

## ઉત્તરાખંડમાં વરસાદે ૯૩નાં ભોગ લીધા, ૧૯૧૪ ઘરો ધરાશાયી



। નવી દિલ્હી, તા.૪ ।

ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ જેવા રાજ્યોમાં આ વખતે ચોમાસું કાળ બનીને આવ્યો હતો. અહીં જાન-માલનું મોટાપાયે નુકસાન થયું. ઉત્તરાખંડમાં આ વર્ષે આપત્તિ ૧૫ જૂનથી અત્યાર સુધીમાં ૧૦૦થી વધુ પરિવારો ક્યારેય ન પૂરાઈ શકે તેવા ઘા આપી ગઈ. આ પરિવારોએ ૯૩ જેટલા સ્વજનોને ગુમાવી દીધા. જોકે ૧૬ની તો હજુ ભાળ જ મળી નથી. આટલું જ નહીં ૫૧થી વધુ લોકો ઘવાયાનો આંકડો પણ છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા ૮૦ દિવસ સમગ્ર રાજ્ય પર ભારે વીત્યા હતા. ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગના આંકડા પર ધ્યાન આપીએ તો આપત્તિમાં ન ફક્ત જાનહાનિ થઈ છે.

## ભારત-પાક વચ્ચે શાંતિ જરૂરી છે : પાકિસ્તાન વડાપ્રધાન

। ઇસ્લામાબાદ, તા.૪ ।

ઈસ્લામાબાદ આગામી સમયમાં સંસદીય ચુંટણીનો સામનો કરવા જઈ રહેલા પાકિસ્તાનના કાર્યકારી વડાપ્રધાન અનવાર-ઉલ-કાકટે કાશ્મીર રાગ ઓલોપતા કહ્યું કે આ વિવાદનો અર્થ એ નથી કે અમો ભારત સાથે યુદ્ધ છેડીએ છીએ પણ ભારત શાંતિ-વાર્તા માટે સતત ના કહી રહ્યુ છે અને દુનિયાએ તેની ચિંતા કરવી જોઈએ. તેઓએ કહ્યું કે, ભારત અને પાક વચ્ચે શાંતિ જરૂરી છે અને હાલ જે તનાવ છે તેના માટે ભારતને દોષિત ગણાવ્યું હતું. કારણ કે ભારત શાંતિ વાટાઘાટ યોજવા દેતું નથી. પાક.માં હાલમાં જ ચુંટણી સુધી નિયુક્તિ થયેલા કાકટે જણાવ્યું કે જો દક્ષિણ એશિયામાં શાંતિવાર્તાનો ઈક્રાર કરવામાં આવે તો તે ફકત ભારત કે પાકિસ્તાન નહી પુરી દુનિયાની ચિંતા જોવી જોઈએ. અમો ભારત સાથે યુદ્ધ ઈચ્છતા નથી પણ કાશ્મીર એક મુદો નથી.

## આર્મેનિયા અને અઝરબૈજાન વચ્ચે ફરી યુદ્ધ જેવી સ્થિતિ

। મોસ્કો, તા.૪ ।

આર્મેનિયા અને અઝરબૈજાન વચ્ચે ફરી એક વખત યુધ્ધ જેવી સ્થિતિ પેદા થઈ છે અને તેના કારણે યુરોપના દેશો ચિંતામાં છે. આર્મેનિયાની સરકારે અઝરબૈજાન પર આરોપ મુકતા કહ્યુ છે કે, અઝરબૈજાનની સેનાએ ૨ સપ્ટેમ્બરે સાંજે આર્મેનિયાની સૈન્ય પોસ્ટ પર તોપો વડે ફાયરિંગ કર્યુ હતુ. આ પહેલા અઝરબૈજાને આરોપ મુકયો હતો કે, આર્મેનિયાએ અમારા વિસ્તારમાં ડ્રોન હુમલા કરવાની તૈયારી કરી છે. અઝરબૈજાને જવાબમાં તુર્કી પાસેથી ખરીદેલા ડ્રોન વડે આર્મેનિયા પર હુમલો પણ કર્યો હતો.

## ઓટાવામાં લગ્ન સમારોહમાં ફાયરિંગમાં બે લોકોનાં મોત

। ટોરન્ટો, તા.૪ ।

કેનેડાના ઓટાવામાં લગ્ન્ સમારોહ દરમિયાન થયેલા ફાયરિંગમાં બેના મોત થયા છે અને બીજા છ લોકો ઘાયલ થયા છે. ગોળીબાર પાછળના કારણની હજી જાણકારી સામે આવી નથી. પોલીસ સમગ્ર મામલાની તપાસ કરી રહી છે. ઘાયલ લોકોમાં અમેરિકન નાગરિકોનો પણ સમાવેશ થાય છે. મીડિયા રિપોર્ટ અનુસાર શનિવારે મોડી રાત્રે ઓટાવાના સાઉથ એન્ડ કન્વેન્શન હોલમાં બે લગ્ન સમારોહનુ આયોજન થયુ હતુ. આ દરમિયાન પાર્કિંગ એરિયામાં અચાનક જ ફાયરિંગના અવાજો આવ્યા હતા. આ સાંભળીને આમંત્રિતો ગભરાયા હતા અને લગ્ન સમારોહમાં દોડધામ મચી ગઈ હતી. એ પછી પોલીસને જાણકારી આપવામાં આવી હતી.

## કાશ્મીર હોય કે અરુણાચલ, અમને અમારા દેશના કોઇપણ ભાગમાં બેઠક યોજવાનો અધિકાર : પીએમ મોદી

। નવીદિલ્હી, તા.૪ ।



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કાશ્મીર અને અરૂણાચલ પ્રદેશમાં t-20 બેઠક યોજવા પર પાકિસ્તાન અને ચીના વાંધાને ફગાવી દીધો છે. તેમણે કહ્યું કે અમને અમારા દેશના કોઈપણ ભાગમાં બેઠક યોજવાનો અધિકાર છે. તેમણે ગયા અઠવાડિયે ન્યુ એજન્સીને આપેલા ઈન્ટરવ્યૂમાં આ વાત કહી હતી. આ ઈન્ટરવ્યૂની માહિતી સામે આવી છે.

ખરેખરમાં, ચીન અને પાકિસ્તાને કાશ્મીરના કેટલાક વિસ્તારોમાં t-20 કાર્યક્રમનું આયોજન કરવા સામે વાંધો ઉઠાવ્યો હતો. બંને દેશોએ જણાવ્યું હતું કે કાશ્મીર વિવાદિત વિસ્તાર છે, તેથી અહીં કાર્યક્રમનું આયોજન કરવું જોઈએ નહી.

આ અંગે પીએમએ કહ્યું છે કે જો અમે કાશ્મીર અને અરૂણાચલમાં બેઠક કરવાનું ટાળ્યું હોત તો આવો પ્રશ્ન વાજબી હોત. આપણો દેશ ઘણો વિશાળ, સુંદર અને વૈવિધ્યસભરતાથી ભરેલો છે.

### ચંદ્રયાન-૩ બાદ ઈસરોનો વધુ એક પ્રયોગ સફળ

## વિક્રમ લેન્ડરે ઊડાન સાથે સ્થાન બદલ્યું, ચંદ્ર પર માનવ મિશનની આશા

### આ પ્રયોગે ભવિષ્યમાં ચંદ્ર પરથી સેમ્પલ પૃથ્વી પરત લાવવા અને ચંદ્ર પર જમાનવ મિશનની મોકલવાની આશાઓ વધારી

। નવી દિલ્હી, તા.૪ ।

ચંદ્ર પર ચંદ્રયાન-૩ ના સફળ લેન્ડિંગના થોડા દિવસો બાદ ઈસરોનો વધુ એક પ્રયોગ સફળ રહ્યો છે, વિક્રમ લેન્ડરે ફરી ઉડાન ભરી ચંદ્રની સપાટી પર ફરી સોફ્ટ-લેન્ડિંગ કર્યું છે. ઈસરોએ ફરી એકવાર ચંદ્રયાન-૩ના લેન્ડર વિક્રમના એન્જીન સ્ટાર્ટ કર્યા હતા અને લેન્ડરે ઉડાન ભરીને જગ્યા બદલી હતી. ઈસરોએ કહ્યું, "વિક્રમ લેન્ડરે ચંદ્રયાન-૩ મિશનના ઉદ્દેશ્યોને પાર કરી લીધા



છે અને તેણે 'હોપ એક્સપેરિમેન્ટ' સફળતાપૂર્વક પૂર્ણ કર્યો છે." ઈસરોએ આ ઉડાનનો વિડીયો પણ શેર કર્યો છે.

ઈસરોએ જણાવ્યું કે, "કમાન્ડ મળતાં જ, વિક્રમે એન્જીનને ફાયર કર્યા, અનુમાન મુજબ પોતાને ચંદ્રની સપાટીથી લગભગ ૪૦ સેમી જેટલી ઉપર ઉઠાવી અને ૩૦-૪૦ સેમીના અંતરે સુરક્ષિત રીતે લેન્ડીંગ કર્યું હતું." ચંદ્ર પર ફરી એકવાર વિક્રમ લેન્ડરના સોફ્ટ લેન્ડિંગ પર, ઈસરોએ કહ્યું કે આ પ્રયોગ ભવિષ્યમાં ચંદ્ર પરથી સેમ્પલ પૃથ્વી પરત લાવવા અને ચંદ્ર પર જમાનવ મિશનની મોકલવાની આશાઓ વધારી છે. અગાઉ શનિવારે ઈસરોએ કહ્યું હતું કે ચંદ્રયાન-૩ ના રોવર પ્રજ્ઞાને ચંદ્રની સપાટી પર તેનું કામ પૂર્ણ કરી લીધું છે.

## ભારત સાથે તાત્કાલિક વેપારનો બ્રિટનના વડાપ્રધાનનો ઈનકાર

। નવી દિલ્હી, તા.૪ ।

કેનેડાએ તાજેતરમાં જ ભારત સાથે વર્ષોથી ચાલતી વેપાર સમજૂતી અંગેની મંત્રણાને અટકાવવાનો નિર્ણય કર્યા બાદ હવે બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનકે ભારત સાથે તાત્કાલિક વેપાર કરવાનો ઈનકાર કરી દીધો છે. જી-૨૦ શિખર સંમેલન પહેલાં ભારત અને મોદી સરકાર માટે આ સતત બીજો આંચકો મનાઈ રહ્યો છે. માહિતી અનુસાર જી-૨૦ શિખર સંમેલન સમયે હવે બ્રિટન અને ભારત વચ્ચે વેપાર સમજૂતી થવી મુશ્કેલ થઈ જશે. બની શકે કે હવે આગામી વર્ષે ચૂંટણી યોજાવા સુધી પણ આ સમજૂતી થઈ શકશે નહીં. કેટલાક અહેવાલોમાં સૂત્રોના હવાલાથી જણાવાયું હતું કે બ્રિટનના વડાપ્રધાને અર્લી હાર્વેસ્ટ ડીલના વિચારને ફગાવી દીધો છે. વડાપ્રધાન મોદી ચાલુ અઠવાડિયાના અંતે નવી દિલ્હી ખાતે તેમના સમકક્ષ અને બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનક સાથે મુલાકાત કરવાના છે.



નવી દિલ્હી ખાતે નેશનલ એવોર્ડ ટીચર્સ સાથે વાતચીત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી.

### જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓ વિરુદ્ધ અભિયાન

## પોલીસે લશ્કર-એ-તૈયબાના બે ઓવર ગ્રાઉન્ડ વર્કર્સની ધરપકડ કરી હતી

। જમ્મુ, તા.૪ ।

જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓ વિરુદ્ધ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. એવામાં જમ્મુ કાશ્મીર પોલીસને મોટી સફળતા મળી છે. પોલીસે લશ્કર-એ-તૈયબાના બે ઓવર ગ્રાઉન્ડ વર્કર્સની ધરપકડ કરી છે. પોલીસે માહિતી આપી હતી કે બંને આરોપીઓ, બારામુલ્લાના રહેવાસીઓ છે. લશ્કર-એ-તૈયબા માટે કામ કરતા હતા. આરોપી પાસેથી મેગેઝીન સાથે એક ચાઈનીઝ પિસ્તોલ અને એક હેન્ડ ગ્રેનેડ પણ મળી આવ્યો છે. આ લશ્કરના આતંકવાદીઓએ ખુલાસો કર્યો હતો કે તેઓ સતત લશ્કર-એ-તૈયબાના માસ્ટર્સના સંપર્કમાં હતા અને પાકિસ્તામાં બેઠલા આતંકવાદી માસ્ટરમાઈન્ડને તમામ માહિતી આપતા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, આ આતંકવાદીઓ સુરક્ષા દળો પર હુમલો કરવાની અને ટાર્ગેટ કિલિંગ કરવાની યોજના બનાવી રહ્યા હતા. થોડા દિવસ પહેલા સુરક્ષા દળોએ જમ્મુ-કાશ્મીરના કુપવાડામાં આતંકવાદીઓની યોજનાને નિષ્ફળ બનાવી હતી. પોલીસે સેના સાથે સંયુક્ત ઓપરેશનમાં ઘૂસણખોરી કરી રહેલા એક આતંકવાદીને ઠાર માર્યો હતો.

### મંત્રાલય પર ભ્રષ્ટાચારના પણ ભારે આક્ષેપો થયા છે

## યુક્રેનના રાષ્ટ્રપતિ જેલેન્સ્કીએ સંરક્ષણ મંત્રીને હટાવી દીધા

। કીવ, તા.૪ ।

રશિયા સાથેના યુધ્ધના ૫૫૦ દિવસ બાદ યુક્રેનના રાષ્ટ્રપતિ જેલેન્સ્કીએ સંરક્ષણ મંત્રી ઓલેસ્કી રેઝનિકોવની હકાલપટ્ટી કરવાની જાહેરાત કરીને દુનિયાને આંચકો આપ્યો છે. જેલેન્સ્કીએ ગઈકાલે રાત્રે એક વિડિયો જાહેર કરીને કહ્યુ હતુ કે, હું ઓલેક્સીને સંરક્ષણ મંત્રી પદેથી હટાવવાનો છું.

આ સપ્તાહમાં હું સંસદને અપીલ કરીશ કે તેમની જગ્યાએ રુસ્તમ ઉમરોવને નવા સંરક્ષણ મંત્રી તરીકે નિયુક્ત કરે. ઓલેસ્કી ૨૦૨૧થી યુક્રેનના સંરક્ષણ મંત્રી



છે.આ દરમિયાન તેમણે પશ્ચિમના દેશો પાસેથી અબજો ડોલરની સૈન્ય સહાયતા મેળવવામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. જોકે તેમના મંત્રાલય પર ભ્રષ્ટાચારના પણ ભારે આક્ષેપો થયા છે. જેના કારણે જેલન્સ્કીએ તેમને હટાવવાની જાહેરાત કરી હોવાનુ મનાઈ રહ્યુ છે.

જેલેન્સ્કીએ કહ્યુ હતુ કે, મેં યુક્રેનના સંરક્ષણ મંત્રીને બદલવાનો નિર્ણય લીધો છે. ઓલેક્સી ૫૫૦ દિવસથી ચાલી રહેલા યુધ્ધમાંથી તમામ રીતે ખરા ઉતર્યા છે. મને લાગે છે કે, સંરક્ષણ મંત્રાલયને સેના અને લોકો સાથે વાતચીત કરવા માટે નવા દ્રષ્ટિકોણની જરુર છે.

નવા સંરક્ષણ મંત્રી તરીકે જેમની નિયુક્ત જેલેન્સ્કી કરવા માંગે છે તે રુસ્તમ ઉમરોવ દેશના ખજાનાનો હવાલો સંભાળે છે. યુધ્ધ વચ્ચે બ્લેક સી અનાજ ડીલ પરની વાતચીતમાં તેમનો અગત્યનો રોલ હતો. રુસ્તમ ઉમરોવ જે રીતે દેશની તિજોરીને સંભાળી રહ્યા છે તેને લઈને લોકો તેમની પ્રશંસા કરી રહ્યા છે.

બીજી તરફ અમેરિકા તરફથી યુક્રેનને એફ-૧૬ વિમાનો અપાવવામાં રેજનિકોવે સફળતા મેળવી છે. રેજનિકોવના યુક્રેનના મિત્ર દેશો સાથે મજબૂત સંપર્કો છે. દેશના એક સાંસદે તો તેમને બ્રિટનમાં યુક્રેનના રાજદૂત તરીકે નિયુકત કરવાની સલાહ આપી છે.

### ઉત્તર પ્રદેશમાં મોટી દુર્ઘટના

## બારાબંકીમાં બહુમાળી ઈમારત ધરાશાયી થતા બે લોકોનાં મોત

### હજુ પણ ઘણાં લોકો દટાયેલા છે,૧૨થી વધુને બચાવાયા

। બારાબંકી, તા.૪ ।

ઉત્તરપ્રદેશના બારાબંકી જિલ્લામાં મોટી દુર્ઘટના સર્જાઈ હોવાના અહેવાલ મળી રહ્યા છે. અહીં એક બહુમાળી ઈમારત ધરાશાયી થઈ ગઈ હતી. જેના કાટમાળ નીચે દટાઈ જતાં બે લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હોવાની માહિતી મળી રહી છે. હજુ પણ ઘણાં લોકો કાટમાળની નીચે દટાયેલા હોવાના અહેવાલ છે. જ્યારે ૧૨થી વધુ લોકોને બચાવાયા હતા. બચાવ અભિયાનની કામગીરી હજુ પણ ચાલુ છે. બારાબંકીના ફતેહપુર વિસ્તારમાં સોમવારે વહેલી સવારે આ ઘટના બની હતી જેમાં એક ત્રણ માળની ઈમારત અચાનક ધરાશાયી થઈ ગઈ હતી.

દુર્ઘટના બાદ એસ.પી. દિનેશ કુમાર સિંહ, સીડીઓ એકતા સિંહ વગેરેની હાજરીમાં પોલીસ, એસડીઆરએફ અને સ્થાનિક લોકોએ બચાવકામગીરી હાથ ધરી હતી.



સ્થાનિક લોકોને તેના અભિયાનમાં સામેલ કરવા જોઈએ, સેનાના રાષ્ટ્ર નિર્માણના પ્રયાસમાં વ્યક્તિગત યોગદાન આપવું જોઈએ. આ સાથે દર ત્રણ મહિને ચલાવવામાં આવતી ઝુંબેશ પર ફીડબેક આપવાનું પણ કહેવામાં આવ્યું હતું. પત્રમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, 'ભારતીય સૈન્યના દરેક સૈનિકનો બાયોડેટા એક વિશિષ્ટ વ્યક્તિગત લક્ષણ, કૌશલ્ય સમૂહ અને સેવામાંથી મેળવેલા પાત્ર અને મૂલ્ય પ્રણાલીથી ભરેલો છે. અમારા માનવ સંસાધન પૂલમાં દેશના દરેક ખૂણાના લોકોનો સમાવેશ થાય છે, જેમાં વિવિધ પ્રદેશો અને સમુદાયોનો સમાવેશ થાય છે.

### સરકારી યોજનાઓનો કરે પ્રચાર: આર્મીની સલાહ

## રજા પર ગયેલા સૈનિકોએ રાષ્ટ્ર નિર્માણ માટે કામ કરવું જોઈએ

### ભારતીય સેના તેના જવાનોને સામાજિક સેવા અને સરકારી યોજનાઓને માટે પ્રોત્સાહન આપવા માટે રજા પર પ્રોત્સાહિત કરવામાં આવ્યાં છે

। નવી દિલ્હી, તા.૪ ।

ભારતીય સેના તેના જવાનોને સામાજિક સેવા અને સરકારી યોજનાઓને પ્રોત્સાહન આપવા માટે રજા પર પ્રોત્સાહિત કરી રહી છે. સેના જવાનોને રજાઓ દરમિયાન સામાજિક પ્રવૃત્તિઓમાં સામેલ થવાનું સૂચન કરી રહી છે. આ પ્રવૃત્તિઓમાં સ્થાનિક લોકોને સ્વચ્છ ભારત અભિયાન અને સર્વ શિક્ષા અભિયાન જેવી સરકારી યોજનાઓની માહિતી આપવાનો સમાવેશ થાય છે. સૈન્યના અધિકારીઓને ટાંકીને જણાવ્યું હતું કે એડજ્યુટન્ટ જનરલની શાખા હેઠળના સેનાના ડિરેક્ટોરેટ ઓફ સેરેમનીઝ એન્ડ વેલ્ફેરે મે મહિનામાં તમામ કમાન્ડ હેડક્વાર્ટરને પત્ર લખીને જવાનોને તેમની રજાઓનો સદુપયોગ કરવા અને રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપવા વિનંતી કરી હતી. પત્રમાં કહેવામાં આવ્યું હતું કે રજા પર જતા દરેક સૈનિકે તેની રુચિ અને તેના સ્થાનિક સમુદાયની જરૂરિયાતના આધારે કોઈપણ વિષય પસંદ કરવો જોઈએ.અને સ્થાનિક લોકોને તેના અભિયાનમાં સામેલ કરવા જોઈએ.

### G20 સમિટ નવી દિલ્હીમાં યોજાવાની છે

## ચીનના રાષ્ટ્રપતિ જિનપિંગ જી૨૦ સમિટમાં નહીં આવે

। નવી દિલ્હી, તા.૪ ।

ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ ચાલુ અઠવાડિયે નવી દિલ્હીમાં યોજાવા જઈ રહેલી G20 સમિટમાં ભાગ નહીં લે અને તેમની જગ્યાએ ચીનના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ વડાપ્રધાન લી કિયાંગ કરશે. વિદેશ મંત્રાલયે સોમવારે આ જાહેરાત કરી હતી. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે જણાવ્યું કે ભારત સરકારના આમંત્રણ બાદ વડાપ્રધાન લી કિયાંગ 9-10 સપ્ટેમ્બરે નવી દિલ્હીમાં યોજાનાર 18મી G20 સમિટમાં જોડાશે.

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાયડેન આગામી G20 સમિટમાં ભાગ લેવા માટે ૭ સપ્ટેમ્બરે દિલ્હી આવવાના છે. આ દરમિયાન સવારે એવા અહેવાલ આવ્યા હતા. કે જો બાયડેન ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગના સંમેલનમાં ના જોડાવાના સમાચારથી નારાજ થયા હતા.

### ખાલિસ્તાન જનમત સંગ્રહના આયોજકોને મોટો આંચકો

## કેનેડાની પબ્લિક સ્કૂલમાં ખાલિસ્તાન જનમતની સંગ્રહની મંજૂરી પરત ખેંચાઈ

। ટોરેન્ટો, તા.૪ ।

ખાલિસ્તાન જનમત સંગ્રહના આયોજકોને મોટો આંચકો લાગ્યો છે. કેનેડિયન સત્તાવાળાઓએ પબ્લિક સ્કૂલમાં જનમત સંગ્રહ કરવાની પરવાનગીને પાછી ખેંચી લીધી છે. અગાઉ ઓસ્ટ્રેલિયામાં પણ ખાલિસ્તાન જનમત રદ કરવામાં આવ્યો હતો. કેનેડામાં જનમત ૧૦ સપ્ટેમ્બરના રોજ બ્રિટિશ કોલંબિયાના સરે શહેરની એક માધ્યમિક શાળામાં યોજવાનો હતો. ગઈકાલે સરે શહેરના ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડના પ્રવક્તાએ કહ્યું હતુ કે, અમે અમારા રેન્ટ કરારના ભંગમાં સમુદાયના કાર્ય માટે શાળા ભાડે આપવાનો કરાર સમાપ્ત કર્યો છે. જાહેર કરેલા પ્રકાશનમાં સમજાવવામાં આવ્યું હતું.કે, શાળામાં ઈવેન્ટ યોજવાની પરવાનગી પાછી ખેંચી લેવાનું સ્પષ્ટ કારણ એ હતું કે ઈવેન્ટ માટેની પ્રમોશનલ સામગ્રીએ શસ્ત્રોની છબીઓ તેમજ શાળાના ફોટા પ્રકાશિત કર્યા હતા. લોકમત માટેના પોસ્ટરમાં એકે-૪૭ના ફોટો પ્રકાશિત કરવામાં આવ્યા જેને જિલ્લા શાળા બોર્ડે તેના કરારનો ભંગ ગણાવ્યો છે. સ્કૂલ દ્વારા પ્રકાશિત એક અહેવાલમાં જણાવ્યું કે, આ સમસ્યાને ઉકેલવાના વારંવાર પ્રયાસો કર્યા છતાં ઈવેન્ટના આયોજકોએ પોસ્ટરમાંથી વિવાદાસ્પદ તસવીરો હટાવી ન હતી.

### જમ્મુ-કાશ્મીરમાં સેનાના વાહનને મોટો અકસ્માત

## સૈન્યની વાહનની બસ સાથે ટક્કર, ૧૭ પોલીસ, 3 મહિલા કેદીને ઈજા

। ઉધમપુર, તા.૪ ।

જમ્મુ-કાશ્મીરમાં આજે સેનાના વાહનને મોટો અકસ્માત થયો હોવાના અહેવાલો સામે આવ્યા છે. અહીંના રામવનમાં આજે સૈન્ય વાહન અને બસ વચ્ચે ધડાકાભેર ટક્કર થઈ છે. આ અકસ્માતમાં ૧૭ પોલીસ કર્મચારીઓ ઈજાગ્રસ્ત થયા છે, જ્યારે ૩ મહિલા કેદીને પણ ઈજા થઈ છે. અધિકારીઓએ જણાવ્યું કે, બસ શ્રીનગરની કેન્દ્રીય જેલથી ભદ્રેવાહ જેલ જઈ રહી હતી.

આ દરમિયાન બસ ટીર ટનલ મરોગ રામવન નજીક આગળ જઈ રહેલા સેનાના વાહન સાથે અથડાઈ હતી. તેમણે કહ્યું કે, પોલીસ કર્મચારીઓમાં મહિલા કોન્સ્ટેબલ પણ સામેલ છે. મહિલા કેદીઓ સહિત તમામ ઈજાગ્રસ્તોને જિલ્લાની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

## તંત્રી લેખ...

# હવે પ્રોગ્રેસિવ ઈન્ડિયા અભિયાનમાં 'આકાશ' કેન્દ્ર સ્થાને

વૈશ્વિક રાજકીય કારણોસર રશિયા અને ચીન હવે અવકાશ વેપારમાં પાછળ પડી રહ્યા છે. અમેરિકા અને યુરોપની સરખામણીમાં ભારતમાંથી સેટેલાઈટ લોન્ચ કરવા સસ્તા છે, જેના કારણે ભારતનું મહત્વ અવકાશ ક્ષેત્રમાં ઘણું વધુ છે. હાલમાં ઉપગ્રહો અવકાશમાં મોકલવાનું બજાર છ અબજ ડોલરનું માનવામાં આવે છે. તેમાં આગામી બે વર્ષમાં ત્રણ ગણો વધારો થવાની ધારણા છે. દાયકાઓથી પ્રમાણમાં ઓછા ખર્ચે ટેકનિકલ આઉટસોર્સિંગ સેવાઓ પૂરી પાડવાથી ભારતની સ્થિતિ મજબૂત થશે. યુક્રેન પરના આક્રમણ પછી રશિયાનું પશ્ચિમી દેશોથી અલગથલગ પડી જવું. તેમજ ચીન અને યુએસ વચ્ચે વધતો તણાવ જેવી બાબતો હવે ભારતને અવકાશ ઉત્પાદનો અથવા સેવાઓની શોધ કરતી પશ્ચિમી કંપનીઓ માટે એક આકર્ષક વિકલ્પ બનાવે છે. ત્યારે ચીનનો સામનો કરતા પહેલા ભારતે હજુ ઘણી લાંબી મજલ કાપવાની છે. ૨૦૨૦ સુધીમાં પૃથ્વીની પરિક્રમા કરતા તમામ ઉપગ્રહોમાં ભારતનો હિસ્સો માત્ર ૨.૩% હતો, જ્યારે ચીનનો આંકડો ૧૩.૬% હતો. ભારતીય અવકાશ સ્ટાર્ટઅપ્સે ૨૦૧૧થી સાહસ મૂડીવાદીઓ પાસેથી ૨૨૦ મિલિયન ડોલરનું કુલ રોકાણ મેળવ્યું હતું. તેની સામે ચીનની કંપનીઓને લગભગ પાંચ ગણી વધુ આવક મળી હતી.હવે દુનિયા ક્યાંથી ક્યાં નીકળી ચૂકી છે. છેલ્લા ચાર વર્ષમાં ભારતમાં જ લગભગ ૧૫૦ ખાનગી સ્પેસ કંપનીઓ અસ્તિત્વમાં આવી છે. ટેક સ્ટાર્ટઅપ્સ ખૂબ જ ઝડપથી વધી રહ્યા છે. આ કંપનીઓમાં અબજો રૂપિયાનું રોકાણ કરવામાં આવી રહ્યું છે. ઈસરોના અવકાશ મિશનમાં ઉચ્ચ ટેક્નનોલોજી સ્ટાર્ટઅપ્સ અને ખાનગી કંપનીઓની ભૂમિકા વધી રહી છે. ૨૦૨૨માં 'સ્કાયરૂટ' નામની ખાનગી કંપનીએ ભારતમાં બનેલા રોકેટ પર પોતાનો સેટેલાઈટ અવકાશમાં લૉન્ચ કર્યો હતો. આ પહેલો પ્રસંગ હતો, જ્યારે ભારતમાં કોઈ ખાનગી કંપનીએ પોતાના રોકેટ વડે પોતાનો સેટેલાઈટ સફળતા પૂર્વક અવકાશમાં લોન્ચ કર્યો હતો. એ રીતે સરકાર પણ અવકાશ પ્રોજેક્ટ્સમાં વિદેશી રોકાણને સરળ બનાવવા માટે નિયમોનો મુસદ્દો તૈયાર કરી રહી છે અને સમગ્ર ઉદ્યોગમાં ખાનગી ક્ષેત્રની ભાગીદારીને પ્રોત્સાહિત કરવાના હેતુથી નીતિઓ બનાવી લીધી છે. એ રીતે મોદી સરકારની સમગ્ર પ્રોગ્રેસિવ ઈન્ડિયા ઝુંબેશના મુખ્ય કેન્દ્ર સમાન છે. ભારતના અવકાશ ક્ષેત્રને વેગ આપવો એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઓટો પાર્ટ્સથી લઈને આઈફોન સુધીના સામાન માટે ચીનનો વિકલ્પ ઓફર કરવાની વ્યૂહરચનાનો જ એક ભાગ માનવામાં આવ્યો છે. ભારતમાં અવકાશ સંશોધન અને વિકાસનું કામ માત્ર ભારતીય સંશોધન સંસ્થા (ઈસરો) દ્વારા જ થતું નથી. તાજેતરના વર્ષોમાં દેશમાં ઘણી ખાનગી સ્પેસ ટેક્નોલોજી કંપનીઓ ઉભરીને સામે આવી છે. આ સ્ટાર્ટ-અપ કંપનીઓ સ્પેસ સેક્ટરમાં ખૂબ જ ઝડપથી આગળ વધી રહી છે.

# શ્રાવણ માસના શિવ મહિમા ૨૦
# શ્રાવણ માસમાં ઓમકારેશ્વર જ્યોર્તિલિંગ નો મહીમા જાણીએ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



શ્રાવણ માસમાં શિવ મહિમાનું વાચન શ્રવણ કરી રહયા છીએ ત્યારે હું શિવ ભકતો આપની ઉપાસના આરાધના અભિષેકનું શ્રેષ્ઠ ફળ દાઢી-મૂછ વધારવાથી નહીં પણ આ માસના આ તપ દરમ્યાન જે વ્યસનો ગુટકા તમાકુ બીડી સિગારેટ અફીણ મદિરા છીકણી બજારનો ત્યાગ કરેલ છે તે કાયમી ત્યાગ જ રાખશો. તન મનની સાથે પરિવારમાં પણ આનંદ ઉત્સાદમાં વૃદ્ધિ થશે. સાચા અર્થમાં શિવ ઉપાસના આરાધના અભિષેક ફળ્યા તેવું લાગે આ વાત શ્રાવણ માસના શિવ મહિમા ૨૦માં ઓમકારેશ્વર જ્યોર્તિલિંગ વિષેનો ચોક્કસ ધ્યાનમાં રાખશો. આજે આપણે શ્રાવણ માસમાં મહિમા જાણીએ ઓમકારેશ્વર તિર્થ દેવાધિદેવ સદાશિવ ભગવાન ભોળનામ મહાદેવને સમર્પિત શિવાલય છે, ભગવાનશિવના બાર જ્યોતિર્લિંગ માંનું આ એક છે. આ શિવાલય મોંધત કે શિવપુરી નામના નર્મદા નદીના એક ટાપુ પર આવેલું છે. કહેવાય છે કે આ ટાપુનો આકાર ૐ જેવો છે. અહીં બે શિવાલય આવેલા છે,ઓમકારેશ્વર (ઓમકારના ભગવાન અને અમરેશ્વર (અમર દેવોના ભગવાન પણ હાશ જ્યોતિલિંગના લૉક અનુસાર, મામલેશ્વર જ્યોતિર્લિંગ છે.

જે નર્મદા નદીની પેલે પાર આવેલું છે. ઓમકારેશ્વર જ્યોતિલિંગ સાથે સંકળાયેલી અમુક દંતકથાઓ છે. તેમાંથી ત્રણ ઘણી પ્રચલિત છે. પ્રથમ કથા એ વિષ્ણુ પર્વત વિષેની છે.એક સમયે નારદ મુનિ બ્રહ્માજીના પુત્ર કે જેઓ પોતાના અખંડ વિશ્વમાં માટે જાણીતા છે તેમણે વિધ્ધ પર્વતની મુલાકાત લીધી. પોતાની તીવ્ર પાણીમાં તેમણે વિધ્યને મૈરુ પર્વતની મહાનતા મેરુ કરતાં મોટા બનવાનો નિર્ણય કર્યો. મેરુ કરતાં મોટા બનવા વિધ્યએ શિવજીની ઉપાસના શરૂ કરી. વિધ્યે શિવના પાર્થિવ લિંગ અને ઓમકારેશ્વરની લગાતાર છ મહિના સુધી પુજા કરી અને કઠોર તપસ્યા કરી. આથી શિવ પ્રસન્ન થયા ભાગ ઓમકારેશ્વર કહેવાયો અને બીજો ભાગ મામલેશ્વર કે અમરેશ્વર કહેવાયો. ભગવાન શિવે વિદ્યને વધવાનું વરદાન તો આપ્યું પણ એ શરત રાખી કે તે ક્યારેય શિવ ભક્તોના માર્ગમાં આડો નહિ આવે. વિધ્ધ વધવાનું રહેલુ કર્યું તેમનું પોતાનું વચન ન પાળ્યું. તે સુધ અને ચંદ્રનો માર્ગ પણ રોક્યો. સર્વ ઋષિ મુનિઓ મદદ માટે અગસ્ત્ય ઋષિ પાસે ગયાં,અગસ્ત્ય મુનિ તેમના પત્ની સાથે વિધ પાસે આવ્યાં અને તેને મનાવી લીધો કે જ્યાં સુધી તેઓ અને તેમના પતિ પાછાં નહીં ફરે ત્યાં સુધી તે વધશે નહીં. તેઓ ફરી પાછાં શ્રીશૈલમમાં સાથી થયાં જેને ત્યારથી દક્ષિણનું કાશી કહેવાય છે અને તે દ્વારા જ્યોતિર્લિંગમાંનું એક છે. એક અન્ય કણા રાજ મંધનને સંબંધિત છે. ભગવાન રામના પૂર્વજ ઈક્ષ્વાકુ કુળના રાજા ગંધાતએ ભગવાન શિવની ઉપાસના કરીને તેમને અનીયો તિર્લિંગ સ્વરૂપે પ્રગટ થયા હોવાનું મનાવ્યાં હતાં. અમુક વિદ્વાનો માને છે કે બંધત રાજાના પુત્રો નિરશ અને મુકુંદ દ્વારા તીવ્ર તપસ્યા કરીને શિવને પ્રસન્ન કરેલ હતાં. આને કારણે તે પર્વતનું નામ નકંપાત પવન પડ્યું છે.એક અન્ય કથા અનુસાર એક સમયે દેવો અને દાનવો વચ્ચે ભીષણ યુદ્ધ થયું હતું જેમાં દાનવોનો વિજય થયો હતો. દેવો માટે આ ખૂબ જ શરમ જનક વાત હતી. બ્રહ્માણી માતાજી તથા શ્રી આથી તેમણે ભગવાન શિવની આરાધના કે નવાયાં કરી. તેમની આરાધના ના ફળ સ્વરૂપે ભગવાન શિવ ખાતે શ્રાવણ સુદ ચૌદસના દિવસે ઓમકારેશ્વર સ્વરૂપે પ્રગટ થયા અને દાનવોને પરાસ્ત ક્યાં. આજે મંગળવારને શ્રાવણ વદ -૬નું રાંધણ છઠ્ઠ પર્વ. ભગવાન ભોળાનાથ દેવોના દેવ મહાદેવની ઉપાસના આરાધના અભિષેક એકટાણા સુખડીનું નૈવેદ્ય ધરાવવામાં ઉપવાસ કરતાં કરતાં શ્રાવણ માસના વીસ દિવસ પુરા થયા મેઘરાજાની સારી મહેરે ભોળાનાથ કરે તેવી પ્રાર્થના હવે સાંભળે તેવું લાગે છે.આગામી સમય શ્રેષ્ઠ બની રહેશે, રશિયા યુકેન વચ્ચેનું યુધ્ધ શાંત થાય, સર્વભવંતુ સુખીન.... બસ બધા શાંતિથી જીવે.. સદા શિવ ભોળાનાથ શંભુ દેવાધિદેવ મહાદેવ સૌનું કલ્યાણ કરે તેવી પ્રાર્થના. શ્રાવણ માસમાં શિવ મહિમાનું રસપાન ઉત્સાહ ભક્તિસભર વાતાવરણમાં મેઘરાજાની ગેરહાજરીમાં ગરમીના માહોલમાં મેઘરાજાના આગમન ભર્યા ઈન્તજારમાં કરી રહયા છીએ. તમે બધા પણ વ્રત તપ આરાધના ઉપાસના અભિષેક થકી ભગવાન સદા શિવ ભોળાનાથને રિઝવવા પ્રયત્ન કરો જ છો. પૃથ્વીલોક પર કંકર એટલા શંકર એવું કહેવાય છે. કોટિ રૂદ્ર સંહિતામાં ઋષિમુનિ ઓએ કહ્યું : હે સૂત !તમે સદાશિવ ભોળાનાથના લિંગના સંબંધવાળું મહાત્મ્ય પ્રેમ અને ભાવનાથી જણાવો .આપણે આજે શ્રાવણ માસના શિવ મહિમા ૧૧માં કોટિ રૂદ્ર સંહિતામાં દર્શાવેલ અત્રિશ્વર લિંગનો મહિમા જાણીએ.

## વિશેષ લેખ

શીર્ષક- શિવાલયનો મહિમા

# મૂળેશ્વર મહાદેવનુ મંદિર છેક સરહદ સાથે જોડાયેલું, અને રણની કાંધીને અડેલું છે, જ્યારે બીજી બાજુ તળાવ નો કિનારો છે



**સદગુરુ વચનામૃત**
સંકલન - ફાલ્ગુની વસાવડા



પુરાણ કાળથી જીવ કોઈને કોઈ સ્વરૂપે ઈશ્વરને ભજતો હોય છે. કાયમ તો એ સમયની તંગીને કારણે પૂજન કાર્યમાં પણ પતાવવાની ભાવના દરેકને સહજ આવી જાય! પણ ભગવાન ભોલેનાથનો મહિમા ગાવાનો માસ એટલે શ્રાવણ માસ. ભગવાન શિવના પવિત્ર મહિનામાં લોકો જુદી જુદી રીતે શિવની આરાધના કરતાં હોય છે, પણ શિવાલયોમાં વહેલી પરોઢથી મોડી રાત સુધી શિવ આરાધના, રૂપે, બમ બમ ભોલેનાથના નાદથી, અને ભજન-કીર્તનથી વાતાવરણ શિવમય બની રહે છે. આસપડોશમાં જ્યાં શિવાલય હોય ત્યાં બધે જ શિવ આરાધના કેન્દ્રમાં અને બાકી બીજા દેવદેવીઓની પૂજા અર્ચના ગૌણ થઈ જાય છે. શિવપૂજન કોઈપણ રીતે થાય પરંતુ સાચે જ તેનું ખૂબ અનેરૂં મહત્વ છે. કોઈ ભોળાભાવે માત્ર ઓમ નમઃ શિવાયનો મંત્ર રટણ કરે, કોઈ ભોળાભાવે બીલીપત્ર ચઢાવે, કોઈ દૂધ પાણીના અભિષેક કરે, કોઈ ષડસોપ ચાર વિધિથી પૂજન કરે, તો કોઈ ધતુરા ના પુષ્પ અર્પણ કરી પોતાનો ભાવ વ્યક્ત કરે, તો કોઈ એકટાણા કરે, કોઈ ઉપ વાસ કરે ,કોઈ મૌન વ્રત રાખે,ને કોઈ દાન ધર્મ કરે, વગેરે વગેરે રીતે પોતાની શ્રદ્ધાનું પુષ્પ શિવશંકર ના ચરણોમાં અપ ર્ણ કરતા હોય છે. તો આ પવિત્ર માસમાં કેટલાક શિવમંદિરોમાં યજ્ઞ, ચાર ભૂજા આરતી, યજ્ઞ અને સંતવાણી કાર્યક્રમ સાથે અનેક સ્થળે મેળા ભરાતા હોય છે. જેમાં બનાસકાંઠા જિલ્લામાં પાતાળેશ્વર, કોટેશ્વર, મુકતેશ્વર, મૂળેશ્વર, કપિલેશ્વર, જાગેશ્વર, કાશી વિશ્વનાથ, વિશ્વેશ્વર, મોકેશ્વર, ગંગેશ્વર સહિત અગ્રણ્ય શિવમંદિરોમાં દિવસભર ભક્તોની દર્શન માટે લાંબી કતારો જોવા મળી રહી છે. આજે આપણે વાત કરવા જઈ રહ્યા છીએ બનાસકાંઠા વિસ્તારમાં આવેલા મૂળેશ્વર મહાદેવની.

બનાસકાંઠા જિલ્લાના સૂઈગામ તાલુકાના પાડણ ગામમાં ભવ્ય મૂળેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. જેનું નિર્માણ આશરે દસમા સૈકામાં એટલે કે આજથી ૧૦૦૦ વર્ષ પહેલાં રાજા મૂળરાજ સોલંકી એ કરાવતાં રાજાને યુદ્ધમાં વિજય મળ્યો હતો. વાત છે પાટણના સોલંકીવંશના સ્થાપક મૂળરાજ સોલંકી અને તેમણે બંધાવેલ મંદિર મૂળેશ્વર મહાદેવની. સોલંકી એટલે કે ચાલુક્ય વંશના મુળપુરુષ એવા મૂળરાજ સોલંકીએ સૂઈગામ તાલુકાના પાડણ ગામમાં મૂળેશ્વર મહાદેવ મંદિર બંધાવ્યુ હતું. આ મંદિરે એક વાર એક માણસે "કમળપુજા" કરી હતી. સોલંકીઓના આરાધ્ય દેવતા શ્રી સોમનાથ મહાદેવ ગણાય છે. તેમના આશીર્વાદથી જ સાંચોર મંડલ અને પછી સારસ્વત મંડલની જીત મૂળરાજે મેળવી હતી. તે વખતે મૂળરાજ સોલંકીને કચ્છના લાખા ફુલાણી સામેના યુદ્ધમાં છ-છ વાર નિષ્ફળતા મળેલી. અનેક પ્રયાસ કરવા છતાં સફળતા મળતી ન હતી. આ મંદિર સાથે જોડાયેલી દંતકથા મુજબ કહેવાય છે કે કચ્છના રાજા લાખો ફુલાણી સામે મૂળરાજ સોલંકીની છ વાર હાર થઈ ચૂકી હતી, અને કેમે કરીને વિજય પ્રાપ્ત થતો ન હતો. સોલંકી વંશના વંશજ એવા મૂળરાજ સોલંકી પોતે વીર અને શૌર્યવાન હતાં, છતાં કેમ વિજય મળતો નથી? એમ વિચારી ચિંતિત હતાં, આથી તેમણે એક વિદ્વાન સંત મહાત્માં ને આનું કારણ પૂછ્યું. એ સંત મહાત્મા એ મૂળરાજ સોલંકીને જણાવ્યું કે, કોઈ અપૂજ શિવલિંગનું ભક્તિભાવપૂર્વક પૂજન કરવામાં આવશે, તો યુદ્ધમાં અવશ્ય વિજય થશે. રાજાએ ગામમાં જાહેરાત કરાવી કે આવું અપૂજ શિવલિંગ મળે તો દરબારમાં જાણ કરવી. સૂઈ તાલુકામાં પાડણ ગામ નજીક લીલી વનરાજી અને જંગલની ખીણ જેવા વિસ્તારમાં પશુપાલકો પોતાના ઢોર ઢાંખર ચરવા છોડી, અને નિરાંતનો દમ લેતા હતાં, એવામાં એક ગૌપાલકની ગાયનું દૂધ રોજ કોઈ દોહી લેતું હોય તેવું તેને લાગ્યું. આથી એ ગોવાળે ગાયનો પીછો કરતા એ ગાય એક ટેકરા પર રોજ પોતાના આચળથી દૂધનો અભિષેક કરી રહી હતી, અને પ્રજાજનોએ રાજાના દરબારમાં આ વાતની જાણ કરી. ટેકરાને ખોદતાં તેમાંથી સાત ફૂટ ઊંડેથી સ્વયંભૂ શિવલિંગ નીકળે છે. રાજાએ અપૂજ શિવલિંગની પૂજા કરી અને તેઓ એ લાખો ફુલાણી સામે યુદ્ધમાં વિજય પ્રાપ્ત કર્યો. આ ઉપરાંત રાજાએ એ પછી પણ ઘણા યુદ્ધો જીત્યાં, મૂળ ચાલુક્ય વંશના રાજાનાં ઈષ્ટદેવ ભગવાન સોમનાથ મનાય છે, આથી તેમણે આ મંદિરમાં પણ શંકરને આરાધ્યા,અને પરિણામ સ્વરૂપ તેમણે સંચોર મંડલ અને સારસ્વત મંડલ પર પણ જીત મેળવી.

આ મંદિર સાથે એક બીજી વાત પણ જોડાયેલી છે અને એ છે રાજા રાયસિંગજી ચૌહાણ ના પૂર્વજન્મની. કહેવાય છે કે, સુઇ ગામ નજીક પાડણ ગામના રાજાનાં વહીવટદારોના ત્રાસથી કંટાળીને એક વાર રાજા પટેલ નામના ખેડૂતે અહીં કમળ પૂજા કરી હતી, અને ભગવાન પ્રસન્ન થતાં, તેથી તેનો આગલો જન્મ રાયસીંગજી ચૌહાણ તરીકે રાજ ઘરનામાં થયો, અને ૧૧ વર્ષે તેઓએ પોતાના પૂર્વજન્મની ઓળખ ના પૂરાવા પણ આપ્યા, અને તેઓએ આજીવન મૂળશ્વર ભગવાનની પૂજા અર્ચના કરી. ગુજરાતના દરેક શિવલિંગ સાથે જેમ બને છે તેમ, અહીં પણ વિધર્મીઓ એ આક્રમણ કર્યા હતાં, પરંતુ વિધર્મી સૈનિકો જેવા મંદિર પર આક્રમણ કરવા આવે ત્યારે, શિવલિંગ પાડાનું રૂપ ધારણ કરી અને સૈનિકોનો ખાત્મો બોલાવી દેતાં હતાં આથી આ ગામનું નામ પાડણ પાડવામાં આવ્યું છે. ભક્તોના કહેવા અનુસાર મૂળેશ્વર મહાદેવ ના કેટલાય પરચાઓ છે. તાજેતરમાં જ મંદિરના રંગાર્થે એક કારીગર મંદિર પર ચડ્યો હતો, અને ત્યાંથી નીચે પટકાયો છતાં પણ તેને કોઈ ઈજા થઈ ન હોતી. છેક સરહદ સાથે જોડાયેલું અને રણની કાંધીને અડેલું, અને બીજી બાજુ એટલે કે પશ્ચિમમાં તળાવને કિનારે આવેલું આ મૂળેશ્વર મહાદેવ નું રમણિય મંદિર ભક્તોની આસ્થાનું મુખ્ય કેન્દ્ર બન્યું છે, અને શ્રાવણ માસમાં તો અહીં ખૂબ ભક્તોની ભીડ જોવા મળે છે.

આ મંદિરનો એકવાર જીર્ણોદ્ધાર કરેલો છે. મંદિરના મંડોવરની રચના સાદી છે, પરંતુ શિખરરચના ખૂબ જ મહત્વની છે. સોલંકીઓએ અપનાવેલ ગાંધાર શૈલીમાં આ મંદિરમાં દર્શન થાય છે. શિવના આશીર્વાદથી મૂળરાજ સોલંકીએ સાંચોરમંડલની જીત મેળવી હતી. તત્કાલીન સમયમાં વાવ-થરાદનો સમાવેશ અણહિલપુર પાટણમાં થતો હતો,પણ હાલ આ ગામ પાડણ તરીકે ઓળખાય છે. ગુજરાતી પ્રબંધ ચિંતામણી - ૧૯૯૧માં દર્શાવ્યા મૂજબ મૂળરાજે મૂળરાજ વસહિકા અને મૂળેશ્વર સ્વામી મંદિર પણ બંધાવ્યું હતું. દર સોમવારના દિવસે મૂળરાજ સોલંકી પોતે પણ આ મૂળેશ્વર શિવલિંગના દર્શનાર્થે પાડણ આવતા હતા. મૂળેશ્વર મહાદેવના મંદિરના પ્રાંગણમાં હનુમાન અને ગણેશજીની મુર્તિઓ છે. મંદિરના ગર્ભગૃહની અંદર મોટું શિવલિંગ છે. મંદિરનુ પ્રવેશદ્વાર આબેહુબ, કલાત્મક અને પ્રાચીન કોતરણીઓથી ભરપૂર છે. મૂળેશ્વર મહાદેવ મંદિરની ડાબી બાજુ વિષ્ણુ લક્ષ્મી મંદિર આવેલુ છે. આ મંદિરની દીવાલ પર એક શિલાલેખ છે. સ્થાનિક ઈતિહાસ સંશોધક પ્રો. પ્રકાશકુમાર સુથારના જણાવ્યા અનુસાર, આ લેખ હજૂ સુધી ઉકેલાયો નથી. મંદિરની અંદરની અને બહારની મુર્તીઓ કલાત્મક, ભવ્ય અને પ્રાચીન છે.

# અવતારલીલાનું સ્વરૂપ
# ભગવાન પરશુરામ



એક વાર ગાધિરાજાનાં પત્ની અને પુત્રી બંનેએ સાથે મળીને ઋષિ ઋચીકને પુત્રપ્રાપ્તિ માટે પ્રાર્થના કરી. ઋચીકજીએ પોતાની પત્ની સત્યવતી અને સાસુ બંને માટે અલગ-અલગ મંત્રોથી ચરુ પકાવ્યા અને પોતે સ્નાન કરવા માટે ચાલ્યા ગયા. સત્યવતીની માતાને વિચાર્યું કે સત્યવતી ઋષિની પત્ની હોવાથી ઋષિએ તેમના માટે શ્રેષ્ઠ ચરુ પકાવ્યો હશે. તેથી તેણે પોતાની પુત્રી પાસેથી તેનો ચરુ માગી લીધો. સત્યવતીએ પોતાનો ચરુ માતાને આપી દીધો અને માતાનો ચરુ પોતે ખાઈ લીધો. જ્યારે ઋષિ ઋચીકને આ ઘટનાની જાણ થઈ ત્યારે તેમણે સત્યવતીને કહ્યું, "અરે! તમે બહુ મોટો અનર્થ કરી નાખ્યો. હવે તારો પુત્ર લોકોને દંડ દેનાર, ક્ષાત્રવૃત્તિનો અને ઘોર પ્રકૃતિવાળો થશે અને તારો ભાઈ શ્રેષ્ઠ બહ્મવેત્તા ઋષિ થશે. સત્યવતીએ પોતાના પતિ ઋષિ ઋચીકને પ્રસન્ન કરીને પ્રાર્થના કરી. "સ્વામીનાથ! આપ મારા પર કૃપા કરો કે તેમ ન બને. ઋષિ ઋચીકજીએ ઘટનાક્રમમાં પરિવર્તન કરવાનું માન્ય રાખીને કહ્યું- "ભલે! તારો પુત્ર નહિ, પરંતુ તારો પૌત્ર તેવો ઘોર પ્રકૃતિનો થશે. સત્યવતીને યોગ્ય સમયે એક પુત્ર જન્મ્યો. તેનું નામ જમદગ્નિ રાખ્યું. જગદગ્નિએ રેણુઋષિની કધયા રેણુકા સાથે લગ્ન કર્યાં. રેણુકાના ગર્ભથી જમદગ્નિને વસુમાન આદિ અનેક પુત્રો જન્મ્યા. તેમના સૌથી નાના પુત્રનું નામ હતું પરશુરામ. હિંદુ ધર્મની અવતારમીમાંસા પ્રમાણે ભગવાન પરશુરામ ભગવાન વિષ્ણુનો અવતાર છે અને ચિરંજીવી પણ છે. ભગવાન પરશુરામે હૈહયવંશનો નાશ કરી નાખ્યો અને પૃથ્વીને એકવીશ વાર નક્ષત્રી કરી નાખી હતી. તે સમયે હૈહયવંશના અધિપતિ મહારાજ સહાર્જુન હતા. સહાર્જુને ભગવાન દત્તાત્રેયને પ્રસન્ન કરીને તેમની પાસે એક હજાર હાથ અને યુદ્ધમાં અજેયતાનાં વરદાન પ્રાપ્ત કર્યાં હતાં. એક વાર મૃગયા માટે નીકળેલા સહાર્જુન દૈવવશાત્ જગદગ્નિ મુનિના આશ્રમ પર પહોંચી ગયા. મુનિએ રાજા અને તેની સેનાનો ખૂબ સ્વાગત સત્કાર કર્યો. રાજાએ જોયું કે ઋષિ જમદગ્નિ કમાધેનુને કારણે જ ઐશ્ર્વર્યવાન છે. રાજાએ પોતાના સૈનિકોને આજ્ઞા આપી અને સૌ ઋષિની કામધેનું બળપૂર્વક લઈને ચાલતા થયા. જ્યારે ઋષિ જમદગ્નિના સૌથી નાના પરંતુ મહાતેજસ્વી પુત્ર ભગવાન પરશુરામ આશ્રમ પર આવ્યા ત્યારે તેમણે આ વૃત્તાંત જાણ્યો. સાપના મસ્તક પર પ્રહાર થાય અને તે જેમ ક્રોધથી સળગી ઊઠે તેમ પરશુરામ ક્રોધથી તમતમી ઊઠયા. પરશુરામજી પોતાની પ્રચંડ પરશુ લઈને સહાર્જુન અને તેની સેનાની પાછળ દોડયા. અદ્વિતીય યોદ્ધા ભગવાન પરશુરામજીએ એકલે હાથે, સહાર્જુનની સત્તર અક્ષૌણી સેનાને કાપી નાખી અને સહાર્જુનને પણ હણી નાખ્યો. પિતાના મૃત્યુથી આઘાત પામી તેના હજાર પુત્રો ડરીને નાસી ગયા. મહાસમર્થ પરશુરામજી એકલે હાથે સૌનો નાશ કરી, કામધેનુને લઈને આશ્રમમાં પાછા આવ્યા. સાર્વભૌમ રાજાની હત્યા કરવાથી દોષ લાગે તેમ માનીને ઋષિ જગદગ્નિએ પરશુરામજીને પ્રાયશ્ર્ચિત્ત માટે એક વર્ષ સુધી તીર્થયાત્રાની આજ્ઞા આપી. પિતાની આજ્ઞા પ્રમાણે પરશુરામજીએ એક વર્ષ સુધી તીર્થાટન કર્યું અને તેઓ ફરી આશ્રમમાં આવી ગયા. એક વાર ઋષિ જગદગ્નિનાં ધર્મપત્ની રેણુકાદેવી જળ ભરવા માટે નદીકિનારે ગયાં હતાં. તે સમયે નદીમાં ગંધર્વરાજ ચિત્રરથ અપ્સરાઓ સાથે વિહાર કરી રહ્યો હતો. ગંધર્વરાજને જોઈને માતા રેણુકાનું ચિત્ત કંઈક અંશે તેના પ્રત્યે ખેંચાયું અને તેથી તેમને જળ ભરીને આશ્રમે પાછા આવતાં મોડું થયું. ઋષિના હવનનો સમય વીતી ગયો. રેણુકાજી મોડાં આવ્યાં તેથી અને તપોબળથી ઋષિએ તેનો માનસિક વ્યભિચાર જાણી લીધો તેથી ક્રોધિત થઈને તેમણે પોતાના પુત્રોને આજ્ઞા આપી.

# કાઠમંડુ કથાનો સજળ વિરામ, ૯૨૩મી કથાનો ૧૬ સપ્ટેમ્બરથી દિલ્હીથી થશે આરંભ



જગતમાં બધું જ બરાબર ચાલતું હોય ત્યારે બોલવાની જરૂર નથી,પણ અચાનક કંઈક સહન ન થાય એવું ગરમ લાગે ત્યારે બોલવું જોઈએ;હું પણ બોલ્યો છું : મોરારિબાપુ.

આપણે કરી રહ્યા છીએ એ કર્મ નહિ,કૃત્ય છે.

સત્સંગીઓને ખાસ,કોઈ પણ કર્મ કરતા પહેલા ઓછામાં ઓછું બે વખત વિચારવું જોઈએ,બોલતા પહેલા પણ વિચારવું જોઈએ

કહું કહું સરિતા તીર ઉદાસી;
બસહિં જ્ઞાનરત મુનિ સંન્યાસી
-ઉત્તરકાંડ દોહા-૨૯
સાધક સિધ્ધ બિમુક્ત ઉદાસી;
કબિ કોબિદ કૃતજ્ઞ સંન્યાસી
-ઉત્તરકાંડ દોહા-૧૨૪

આ બીજ પંક્તિ સાથે શરૂ થયેલી રામકથાના પૂર્ણાહુતિ દિવસે ઉપસંહારક સંવાદનો આરંભ કાગભુશુંડિના ન્યાયથી સંક્ષિપ્ત બાકીની કથાથી થયો બાલકાંડની કથા પછી દશરથના મહાપ્રયાણની ઘટના વખતે બાપુએ કહ્યું કે કરેલું કર્મ બ્રહ્મના બાપને પણ ભોગવવું પડે છે.સત્સંગીઓને ખાસ,કોઈ પણ કર્મ કરતા પહેલા ઓછામાં ઓછું બે વખત વિચારવું જોઈએ.બોલતા પહેલા પણ વિચારવું જોઈએ-થીંક ટ્વાઈસ બિફોર યુ સે.

કર્મ શબ્દ તો એમ જ પ્રયોગ કરું છું કારણ કે ખૂબ જ વહાલો શબ્દ છે પણ આપણે જે કરી રહ્યા છીએ એ કર્મ નહીં કૃત્ય છે કારણ કે બેહોશીમાં કરીએ છીએ અને કંઈક ફળ મળે એવા ભાવથી કરીએ છીએ.જે નિમિતમાત્ર ભાવથી થાય,બતાવવા માટે ન થાય,સ્પર્ધાત્મક વૃત્તિથી ન થાય એ કર્મ છે. ગીતામાં કર્મયોગ,વેદમાં પણ કર્મ માટે આખો એક ખંડ છે. બાપુએ સાંપ્રત પરિસ્થિતિ વિશે બોલતા કહ્યું કે આઈન્સ્ટાઈન બે વર્ષનો થયો ત્યાં સુધી બોલતો ન હતો.બધાને બીક હતી કે કદાચ મૂંગો જ રહેશે.એક વખત કંઈક ગરમ દૂધ જેવું તેને પાઈ રહ્યા હતા એ વખતે જ અચાનક બોલ્યો કેઃ ખૂબ જ ગરમ છે! જગતમાં બધું જ બરાબર ચાલતું હોય ત્યારે બોલવાની જરૂર નથી,પણ અચાનક કંઈક સહન ન થાય એવું ગરમ લાગે ત્યારે બોલવું જોઈએ; હું પણ બોલ્યો છું. મૌન એ ફળ છે આંસુ એ ફળનો રસ છે. ભરતમિલાપ પ્રસંગ પર ભગવાન રામએ પાદુકા આપી જાણે કે અયોધ્યા વાસીઓના પ્રાણની રક્ષા કરવા માટે ચોકીદાર આપ્યા હોય! જાણે કે એક પાદુકા રા અને બીજી પાદુકા મ-રૂપી મંત્ર આપવામાં આવ્યો હોય! રામ તો પરમ અવતાર છે ભરત પ્રેમનો અવતાર છે.પ્રભુના પ્રેમના પણ દશાવતાર છે. પંચવટીમાં લક્ષ્મણ આધ્યાત્મિક પ્રશ્ન પૂછે છે. શૂપ ર્ણખાના પ્રસંગ બાદ. ભક્તિ અને શાંતિ તરફ કોઈ પણ સાધકની ઉડાન હોય ત્યારે હનુમાનજીને આવ્યા એવા પાંચ વિઘ્ન આવતા હોય છે. હનુમાનજીનું લંકાગમન,લંકા દહન અને સંક્ષિપ્તમાં રામરાજ્યની કથા બાદ ઉપસંહારક વાત કરતા બાપુએ કહ્યું કે માનસ શબ્દના બે અર્થ છેઃમન અને હૃદય.ભાષાભેદથી મનુષ્યને પણ માનસ કહીએ છીએ.રચિ મહેસ નીજ માનસ રાખા-ત્યાં ભગવાન શંકરએ મનમાં રાખ્યું એવું પણ થાય.

# સીસમ વર્કશોપ ઈન્ડિયા ટ્રસ્ટ સાથેની ભાગીદારીમાં ‘સેનિટેશન હાઇજીન એજ્યુકેશન ફ્રેમવર્ક’ પર આધારિત ઉત્સાહજનક કિટ લોન્ચ કરવામાં આવી



। નવી દિલ્હી, તા.૪ ।

લેવેટરી કેર કેટેગરીમાં અગ્રણી બ્રાન્ડ હાર્પિકે સીસમ વર્કશોપ ઈન્ડિયા ટ્રસ્ટના સહયોગથી ‘સેનિટેશન હાઈજીન એજ્યુકેશન ફ્રેમવર્ક’પર આધારિત વિશેષ કિટનું અનાવરણ કર્યું છે. હાર્પિકના મિશન ‘સ્વચ્છતા ઔર પાની અભિયાન’ને સમર્થન આપવા માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP, 2020) અને રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક (૨૦૨૨) સાથે અનુરૂપ ઈનોવેટીવ ‘સ્વૂશ જર્મ્સ અવે!’ કિટ ડિઝાઈન કરવામાં આવી છે. આ અનોખી કિટનો ઉદ્દેશ્ય નાના બાળકોમાં જાગૃતિ વધારવા અને શૌચાલયને લગતી આરોગ્યપ્રદ આદતો કેળવવાનો છે, જેથી કરીને તેમનામાં “સારા સ્વાસ્થ્ય માટે સ્વચ્છતા”નું મહત્વ કેળવાય. આ કાર્યક્રમના ભાગરૂપે, હાર્પિક એન્ડ સીસમ વર્કશોપ ઈન્ડિયા ટ્રસ્ટ ઓડિશાના પુરી ખાતેની આશ્રમશાળાઓમાં ૧૭ લાખ બાળકોમાં કિટનું વિતરણ કરશે. ઉદ્ઘ પોપ-અપ પુસ્તકો, 3D જીગ્સૉ પઝલ્સ અને એક્ટિવિટીની પુસ્તિકા સાથેની આ કિટ્સ, સીસમના પ્રિય પાત્રો એલ્મો, ચમકી, નીલા જાદુગર અને કેકે કિટાણુની મદદથી રજૂ કરવામાં આવશે. આ પહેલ “સૌના માટે સુરક્ષિત શૌચાલય” સુનિશ્ચિત કરવાના હાર્પિકના મિશનનો એક ભાગ છે અને બાળકોને સ્વચ્છતા તેમજહાઈજીનના મહત્વને સમજીને તેમને યુવા એમ્બેસેડર બનવાનું જ્ઞાન પૂરું પાડશે.

# હીરો મોટોકોર્પ દ્વારા નવા અવતારમાં ન્યૂ ગ્લેમર લોન્ચ કરાયું



પ્રતિકાત્મક ગ્લેમર બ્રાન્ડના મજબૂત વારસા પર સવારી કરતાં મોટરસાઈકલો અને સ્કૂટરોની દુનિયાની સૌથી વિશાળ ઉત્પાદક હીરો મોટોકોર્પ દ્વારા આજે ન્યૂ ગ્લેમર રજૂ કરવામાં આવી. ગ્લેમરનો નવો અવતાર ૧૨૫ સીસી સેગમેન્ટમાં ટેકનોલોજીની દ્રષ્ટિએ આધુનિક અને આકર્ષક રીતે ડિઝાઈન કરાયેલી પ્રોડક્ટોની કંપનીની આકર્ષક રેન્જમાં નવીનતમ ઉમેરો છે.

નવી ગ્લેમર એસ્થેટિક્સ, ઉચ્ચ વ્યવહારુતા અને કાર્યક્ષમતાના સમકાલીન છતાં ઉત્તમ રીતે માપન કરેલા સંતુલન સાથે આકર્ષિત કરે છે. તે સ્ટાઈલિશ ડિઝાઈન પર સવારી કરે છે, જેણે તેને વિવિધ વયજૂથો અને પેઢીઓમાં ઘેર ઘેર અપનાવવામાં આવતી બ્રાન્ડ બનાવી દીધી છે.

ટેકનોલોજી અને સ્ટાઈલનું ઉત્તમ દ્યોતક ન્યૂ ગ્લેમર હીરો મોટોકોર્પની ક્રાંતિકારી i3S ટેકનોલોજી (આઈડલ સ્ટોપ-સ્ટાર્ટ સિસ્ટમ) સાથે આવે છે. નવું ફુલ્લી ડિજિટલ કોન્સોલ, અસલ સમયનું માઈલેજ ઈન્ડિકેટર અને મોબાઈલ ચાર્જિંગ પોર્ટ મોટરસાઈકલની ટેક પ્રોફાઈલમાં ઉમેરો કરે છે.

મજબૂત ડિઝાઈન વિશિષ્ટતાઓ સાથે ન્યૂ ગ્લેમર વધુ શક્તિશાળી અને એક્સપ્રેસિવ દેખાય છે. નવી ચેકર્ડ સ્ટ્રાઈપ્સ ક્લાસિક સ્ટાઈલિંગ આકાંક્ષાઓને અનુરૂપ છે. ઉત્કૃષ્ટ એર્ગોનોમિક્સ ઉચ્ચ સ્તરનો કમ્ફર્ટ, પહોંચક્ષમતા અને લાંબા અંતરના પ્રવાસની ખાતરી રાખે છે.

બે વેરિયન્ટ્સ ડ્રમ અને ડિસ્કમાં લોન્ચ કરાયેલી ન્યૂ ગ્લેમર દેશભરમાં હીરો મોટોકોર્પના શોરૂમોમાં રૂ. ૮૨,૩૪૮/- (ડ્રમ વેરિયન્ટ)* અને રૂ. ૮૬,૩૪૮/- (ડિસ્ક વેરિયન્ટ)*માં મળશે.

# I.N.D.I.A ગઠબંધનના નેતાઓ મતબેંક અને તુષ્ટિકરણની રાજનીતિ માટે હિંદુ ધર્મને સમાપ્ત કરવા માગે છે : અમિત શાહ



તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિનના પુત્ર ઉધયનિધિ સ્ટાલિને ‘સનાતન ધર્મ’ની સરખામણી ડેન્ગ્યુ અને મેલેરિયા જેવા ચેપી રોગો સાથે કરી હતી. સનાતન ધર્મને લઈને ઉદયનિધિના આ નિવેદનથી હવે ખળભળાટ મચી ગયો છે. ઉદયનિધિના આ નિવેદન પર કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આકરો જવાબ આપ્યો છે.

રાજસ્થાનના ડુંગર પુરમાં પરિવર્તન સંકલ્પ યાત્રાને સંબોધતા ગૃહમંત્રી શાહે કહ્યું કે, છેલ્લા બે દિવસથી I.N.D.I.A ગઠબંધન ‘સનાતન ધર્મ’ને અપ માનિત કરી રહ્યું છે. ડીએમકે અને કોંગ્રેસના નેતાઓ માત્ર વોટબેંકની રાજનીતિ માટે ‘સનાતન ધર્મ’ને સમાપ્ત કરવાની વાત કરી રહ્યા છે. અમિત શાહે વધુમાં કહ્યું કે, “આ પહેલીવાર નથી કે તેમણે આપણા ‘સનાતન ધર્મ’નું અપમાન કર્યું હોય. ગૃહમંત્રી શાહે પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના નિવેદનને યાદ કરાવ્યું અને કહ્યું કે, આ પહેલા મનમોહન સિંહે પણ કહ્યું હતું કે બજેટ પર પ્રથમ અધિકાર લઘુમતીઓનો છે, પણ અમે કહીએ છીએ કે પહેલો અધિકાર ગરીબો, આદિવાસીઓ, દલિતો અને પછાત વર્ગના લોકોનો છે. આજે કોંગ્રેસ પાર્ટી કહે છે કે, જો મોદીજી જીતશે તો સનાતન રાજ કરશે. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, હિંદુ સંગઠન લશ્કર-એ-તૈયબા કરતાં વધુ ખતરનાક છે.

# ટીવી કલાકારોની તેમના વતનમાં જન્માષ્ટમીની ઉજવણી!

જન્માષ્ટમી ખુશીનો તહેવાર છે, જે ભગવાન શ્રીકૃષ્ણના જન્મની ખુશીમાં મનાવવામાં આવે છે. આ તહેવાર દુનિયાભરમાં મનાવવામાં આવ છે. બધા અજોડ રીતે તેને જુએ છે. વિવિધ એન્ડટીવીના કલાકારો તેમનાં સંબંધિત વતનમાં આ તહેવારોની ઉજવણી વિશે ઝાંખી પૂરી પાડે છે. આમાં દૂસરી માનો આયુધ ભાનુશાલી (કૃષ્ણા), નેહા જોશી (યશોદા), આર જે મોહિત (મનોજ), હપ્પુ કી ઉલટન પલટનની ગીતાંજલી મિશ્રા (રાજેશ), ચારૂલ મલિક (રુસા) અને ભાભીજી ઘર પર હૈની શુભાંગી અત્રે (અંગૂરી ભાભી), સાનંદ વર્મા (અનોખે લાલ સકસેના)નો સમાવેશ થાય છે. દૂસરી માની નેહા જોશી ઉર્ફે યશોદા કહે છે, “મહારાષ્ટ્રમાં જન્માષ્ટમીની ગતિશીલતા અત્યંત સ્વર્ણિમ છે. અહીં સર્વત્ર દહીંહંડી જોવા મળે છે. હંડી કે મટકીમાં દહીં, દૂધ, ફળો અને મીઠાઈઓ હોય છે. ગોવિંદાઓ દ્વારા માનવી પિરામિડ રચીને તે ફોડવામાં



આવે છે. મહારાષ્ટ્રમાં ખાસ કરીને આ દિવસે અત્યંત આહલાદક વાતાવરણ હોય છે. હું નાશિકમાં ઊછરી છું ને મને આ અનુભવ નજીકથી કરવાનું સદભાગ્ય સાંપડ્યું છે. દરેક ખૂણેખાંચરે દહીહંડી કાર્યક્રમ યોજાય છે. નાની હતી ત્યારે હું તે બહુ માણતી. અમે આસપાસ ટોળે વળતાં અને આખરે કોણ મટકી ફોડે છે તે જોવા ઉત્સુકતા રહેતી હતી.

# નાગાલેન્ડના મંત્રી સા રે ગા મા પાના સ્પર્ધક કાર્તિક ક્રિષ્નામૂર્તિથી પ્રભાવિત થયા!

સા રે ગા મા પાની નવી સિઝન દેશના ખૂણે-ખૂણેથી કેટલીક અદભુત પ્રતિભા સાથે પાછી આવી છે. આવો જ એક સ્પર્ધક છે, જેનો ઓડિશનનો વીડિયો વોટ્સઅપના ગ્રુપ અને ઈન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયા પર ફરી રહ્યો છે, જે છે, ચેન્નઈનો કાર્તિક ક્રિષ્નામૂર્તિ, ‘ઓ રે પિયા’ ગીત પરના અદભુત પર્ફોર્મન્સએ દરેકને પ્રભાવિત કરી દીધા! એક ઓટિસ્ટિક વ્યક્તિ હોવાને લીધે કાર્તિકને વાત કરવામાં તથા લોકો શું કહે છે, તે સમજવામાં પણ મુશ્કેલી થાય છે. જો કે, આ પડકારો છતા પણ, કાર્તિકએ એટલું અદભુત પર્ફોર્મન્સ આપ્યું હતું કે, તેનું સિલેક્શન મેગા ઓડિશન રાઉન્ડ માટે થઈ ગયું. એટલું જ નહીં! તેના પર્ફોર્મન્સથી ફક્ત જજ અને સાથી સ્પર્ધકો જ નહીં પણ નાગાલેન્ડના ટુરિઝમ અને હાયર એજ્યુકેશન મંત્રી તેમજેન ઈમ્ના એલોંગ પણ




પ્રભાવિત થયા છે. શ્રી તેમજેનએ તો કાર્તિકના પર્ફોર્મન્સનો વીડિયો તેમના સોશિયલ મીડિયા હેન્ડલ પર પોસ્ટ કરીને નીચે એવું લખ્યું કે, ‘મારા રૂંવાડા ઉભા થઈ ગયા.’’

તેની ગાયકીથી પ્રભાવિત જજ અનુ મલિકે કહ્યું કે, “મારી દ્રષ્ટિએ, કાર્તિકએ એક માસ્ટરપીસ છે, તેની આવી સ્થિતિ છતા પણ અદભુત પર્ફોર્મન્સ આપ્યું છે. હું એટલું જ કહીશ કે, જો ઈશ્વરે કાર્તિકને કેટલાક આશિર્વાદ નથી આપ્યા તો, તેને કેટલીક ગિફ્ટ જરૂરથી આપી છે.

## BOLLYWOOD NEWS FLASH

**વર્ષ ૨૦૨૧માં વકીલ સાહબ ફિલ્મની સફળતા પછી પવને ફીમાં અનેક ઘણો વધારો કરી દીધો હતો**



# પવન કલ્યાણ એક ફિલ્મ માટે ૫૦ કરોડ ફી ચાર્જ કરે છે

। મુંબઈ, તા.૪ ।

પવન કલ્યાણને લોકો પાવર સ્ટાર પણ કહે છે. પવન કલ્યાણ પર અનેક લોકો ફિદા છે. ચારે બાજુ લોકો પવન કલ્યાણના વખાણ કરી રહ્યા છે. પવન કલ્યાણે એકથી એક ચઢિયાતી સુપર હિટ ફિલ્મો આપી છે જેમાં **Thammudu, tholi prema, badri, kushi, jalsa, panjaa, gabbar singh, attarintiki daredi** જેવી અનેક ફિલ્મોનો સમાવેશ થાય છે. આજે પવન કલ્યાણનો જન્મ દિવસ છે. પવન એક રાજા જેવી જીંદગી જીવી રહ્યા છે. એક ખબર અનુસાર પવન કલ્યાણ એક ફિલ્મમાં કામ કરવા માટે મેકર્સ પાસેથી ૫૦ કરોડ રૂપિયાની ફી વસુલે છે. પહેલાં કલ્યાણ ૧૦ થી ૧૨ કરોડ રૂપિયા ચાર્જ કરતા હતા. વર્ષ ૨૦૨૧માં વકીલ સાહબ ફિલ્મની સફળતા પછી પવને ફીમાં અનેક ઘણો વધારો કરી દીધો હતો. પવન કલ્યાણની માસિક કમાણી ૧.૫ કરોડ રૂપિયા છે. દર વર્ષે ૧૮ કરોડ રૂપિયાની કમાણી કરે છે. આ બ્રેન્ડ એન્ડોર્સમેન્ટ પાસેથી પણ મોટી કમાણી કરે છે. પવન કોઈ બ્રાન્ડને પ્રમોટ કરે છે તો ૪ કરોડ રૂપિયાની સુધી ફી વસુલે છે. પાવર સ્ટાર પવન કલ્યાણ માત્ર શાનદાર એક્ટર જ નહીં, પરંતુ પ્રોડ્યુસર પણ છે. હૈદરાબાદમાં અનેક પ્રકારની પ્રોપર્ટીજ છ. જુબલી હિલ્સમાં પવનનો મસ્ત બંગલો છે જેની કિંમત ૧૨ કરોડ રૂપિયા છે. તેલંગાનાના રંગા રેડ્ડી ડિસ્ટ્રિક્ટમાં એક ફાર્મ હાઉસ પણ છે જેમાં કેરી અને ઓર્ગેનિક શાકભાજીની ખેતી થાય છે. બંજારા હિલ્સમાં એક ફ્લેટ છે જેની કિંમત ૧.૭૫ કરોડ રૂપિયા છે.

**ચાહકો બંનેની કેમેસ્ટ્રીને ખૂબ પસંદ કરી રહ્યા છે, આ નવા ઓન-સ્ક્રીન કપલે પોતાની કેમેસ્ટ્રીથી ચાહકોને પ્રભાવિત કર્યા છે**

# વિજય દેવરકોંડા સામંથા સાથે બેડરુમમાં રોમેન્ટિક થયો

। મુંબઈ, તા.૪ ।

વિજય દેવરકોંડા અને સામંથા રૂથ પ્રભુની રોમેન્ટિક ફિલ્મ ‘કુશી’ ૧ સપ્ટેમ્બરના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ છે. બંનેને મોટા પડદા પર સાથે જોવા માટે ચાહકો આતુર હતા. ફિલ્મને ચાહકો તરફથી સકારાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે. આ દરમિયાન ફિલ્મનો એક રોમેન્ટિક સીન સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં વિજય અને સામંથા વચ્ચે જબરદસ્ત રોમાન્સ અને કેમિસ્ટ્રી જોવા મળી રહી છે, જેમાં બંને એકબીજા સાથે ઈન્ટિમેટ સીન આપતા જોવા મળી રહ્યા છે. ચાહકો બંનેની કેમેસ્ટ્રીને ખૂબ પસંદ કરી રહ્યા છે.



આ નવા ઓન-સ્ક્રીન કપલે પોતાની કેમેસ્ટ્રીથી ચાહકોને પ્રભાવિત કર્યા છે. આ વીડિયો સોશિયલ મીડિયા પર આગની જેમ વાયરલ થઈ રહ્યો છે. દરેક લોકો આ ઓન-સ્ક્રીન કપલના વખાણ કરી રહ્યા છે.

**અલાવિયા જાફરીએ તેના વીડિયોમાં જણાવ્યું કે તેને જૂન ૨૦૧૯માં પહેલીવાર લિપ ફિલર કરાવ્યું હતું**

# જાવેદ જાફરીની દીકરીએ શેર કરી પોતાની લિપ ફિલર્સની ડિટેલ્સ

। મુંબઈ, તા.૪ ।

બૉલીવુડ એક્ટર જાવેદ જાફરી પોતાની એક્ટિંગની સાથે કૉમિક ટાઈમિંગ માટે પણ જાણીતો છે. જાવેદ જાફરીના દીકરા મીઝાને બૉલીવુડમાં ડેબ્યૂ કરી લીધું છે, પરંતુ તેની દીકરી હજુ પણ બૉલીવુડથી દૂર છે. જાવેદ જાફરીની દીકરી અલાવિયા જાફરીએ બૉલીવુડમાં એન્ટ્રી નથી કરી, તેમ છતાં તે સોશ્યલ મીડિયા પર ખૂબ જ પૉપ્યૂલર બની ગઈ છે. અલાવિયા સોશ્યલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે અને તેના વ્લૉગ શેર કરતી રહે છે. અલાવિયા જાફરીએ તાજેતરમાં એક વ્લૉગ શેર કર્યો જેમાં તેને તેના લિપ અને અંડર આઈ ફિલર્સ વિશે વાત કરી. તેને તેના વિશેની સંપૂર્ણ વિગતો ચાહકોને જણાવી. જે બાદ ફેન્સ ખૂબ જ પ્રભાવિત થયા છે અને અલાવિયા જાફરીના વખાણ કરી રહ્યા છે. અલાવિયા જાફરીએ તેના વીડિયોમાં જણાવ્યું કે તેને જૂન ૨૦૧૯માં પહેલીવાર લિપ ફિલર કરાવ્યું હતું.



**દિયા મિર્ઝાની માતા બંગાળી છે અને પિતા જર્મન છે, પોતાની એક્ટિંગથી દુનિયામાં નામ રોશન કરી દીધુ છે**

# દિયા મિર્ઝાએ પિતાના ગુસ્સાથી ૫ વર્ષની ઉંમરમાં છોડી દીધુ હતુ ઘર

। મુંબઈ, તા.૪ ।

ફોટોમાં દેખાતી આ ખૂબસુરત એક્ટ્રેસ બોલિવૂડની એક એવી એક્ટ્રેસ છે જે આજે પણ ઈન્ડસ્ટ્રીમાં ખૂબસુરત અભિનેત્રીઓમાંથી એક છે. સ્માર્ટ હોવાની સાથે-સાથે ટેલેન્ટેડ પણ છે. એક્ટિંગની દુનિયામાં પોતાના ટેલેન્ટના દમ પર એક અલગ જ ઓળખ બનાવી લીધી છે. તો અમે વાત કરી રહ્યા છે દિયા મિર્ઝાની. દિયા મિર્ઝા ક્યૂટ છે. મિસ એશિયા પેસિફિટ પણ રહી ચુકી છે. કેરિયરની પહેલી ફિલ્મથી રાતોરાત સ્ટાર બની ગઈ અને આજે પણ લોકોના દિલમાં રાજ કરે છે. દિયા મિર્ઝાની માતા બંગાળી છે અને પિતા જર્મન છે. પોતાની એક્ટિંગથી દુનિયામાં નામ રોશન કરી દીધુ છે. દિયા હાલમાં આઈફા ૨૦૨૩માં જોવા મળી, જ્યાં એના લુક્સને લઈને ચારેબાજુ જોરદાર ચર્ચાઓ ચાલતી હતી. મિડીયા રિપોર્ટ્સ અનુસાર મિર્ઝાએ લગભગ ૫ વર્ષની ઉંમરમાં પિતાથી નારાજ થઈને સંબંધીઓ સાથે રહેવા માટે જતી રહી હતી.



# એક જ નામથી 3 વખત બની 3 ફિલ્મો, દરેક વખતે થઈ ફ્લોપ

। મુંબઈ, તા.૪ ।

ઘણીવાર તમે જોયું જ હશે કે, બોલિવૂડમાં સુપરહિટ-બ્લૉકબસ્ટર ફિલ્મોના નામે ઘણી ફિલ્મો બની છે, જેમાં અલગ-અલગ સમયે અલગ-અલગ સ્ટાર્સે કામ કર્યું હતું અને ઘણી વાહવાહી મેળવી હતી. જોકે, તેનાથી વિપરિત, એવી કેટલીક ફ્લોપ ફિલ્મો છે જેની વાર્તા સુપરહિટ રહી હતી પરંતુ બોક્સ ઓફિસ પર ખૂબ જ ફ્લોપ સાબિત થઈ હતી. આ હોવા છતાં, જુદા જુદા દિગ્દર્શકોએ અલગ-અલગ સમયે અને અલગ-અલગ સ્ટાર કાસ્ટ સાથે એક જ નામની ફિલ્મ બનાવીને બોક્સ ઓફિસ પર કમાણી કરવાનો પ્રયાસ કર્યો. જોકે, દરેક વખતે તે નિષ્ફળ ગયો અને આ કેસમાં તેને કરોડોનું નુકસાન સહન કરવું પડ્યું. આવું જ કંઈક ઋષિ કપૂર, હિમેશ રેશમિયા અને સની દેઓલની ફિલ્મ સાથે થયું છે. અહીં અમે વાત કરી રહ્યા છીએ ફિલ્મ કર્ઝ વિશે. આ નામની પહેલી ફિલ્મ વર્ષ ૧૯૮૦માં નિર્દેશક સુભાષ ઘાઈએ બનાવી હતી. આ ફિલ્મમાં ઋષિ કપૂર લીડ રોલમાં હતા. તેમની ફિલ્મમાં સિમી ગ્રેવાલ, ટીના મુનીમ, પ્રાણ અને રાજ કિરણે મહત્વની ભૂમિકાઓ ભજવી હતી. ‘કર્જ’ ઋષિ કપૂરની ફિલ્મોમાં સામેલ છે. તમને જણાવી દઈએ કે, પુનર્જન્મની વાર્તા પ્રથમ કર્ઝ ફિલ્મમાં બતાવવામાં આવી હતી. જેમાં રવિ (રાજ કિરણ)ની તેની પત્ની (સિમી ગ્રેવાલ) દ્વારા હત્યા કરવામાં આવે છે. રવિનો પુનઃજન્મ મોન્ટી (ઋષિ કપૂર) તરીકે થયો છે, અને તેને તેના પાછલા જન્મનું બધું જ યાદ છે. કહેવાય છે કે, જ્યારે લોન રિલીઝ થઈ ત્યારે દર્શકોને તે પસંદ ન આવી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ફ્લોપ સાબિત થઈ હતી.

**ઝીનત અમાને તે સમયને યાદ કર્યો જ્યારે તે ઘણા ફિલ્મ મેગેઝીનના કવર પેજ પર દેખાતી હતી**

# અભિનેત્રી ઝીનત અમાનનું જીવન નરક બની ગયું છે

। મુંબઈ, તા.૪ ।

જ્યારે ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયા નહોતું ત્યારે લોકો મેગેઝીન અને અખબારોમાં ફિલ્મ જગત અને અભિનેત્રીઓ વિશેના સમાચારો વાંચતા હતા, પરંતુ આ સમાચારો ઘણીવાર અભિનેત્રીઓને અસ્વસ્થ કરી દેતા હતા. તેની તાજેતરની પોસ્ટમાં, ઝીનત અમાને તે સમયગાળા વિશે જણાવ્યું જ્યારે તેમને શ્રાપિત ગણવામાં આવી હતી. ઝીનત અમાને તે સમયને યાદ કર્યો જ્યારે તે ઘણા ફિલ્મ મેગેઝીનના કવર પેજ પર દેખાતી હતી. અભિનેત્રીના કહેવા પ્રમાણે, આ ફિલ્મી મેગેઝીને લોકોમાં તેની એક એવી ઈમેજ બનાવી હતી, કારણ કે, તે વાસ્તવિક જીવનમાં પોતાને શોધી શકતી નહોતી. જ્યારે તેઓને શાપિત ગણવામાં આવી ત્યારે તેઓ દુઃખી થયા અને ખૂબ ગુસ્સે થયા. ઝીનત અમાને અનેક ફિલ્મ મેગેઝીનના ફોટોગ્રાફ્સ સાથે એક લાંબો લેખ શેર કર્યો, જેમાં તેણી લખે છે.



# એકતાનગરના આંગણે "બરખા બહાર આઈ"ની થીમ સાથે મોન્સૂન ફેસ્ટિવલની રંગારંગ ઉજવણી

## પ્રતિભાશાળી કલાકારોએ પ્રસ્તુત કરેલી સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તૂતીથી પ્રવાસકો મંત્રમુગ્ધ થયા

। દીપક જગતાપ રાજપીપળા, તા.૪ ।

એકતાનગરના આંગણે વિશ્વની સૌથી વિરાટ, અદભૂત અને અપ્રતિમ સરદાર સાહેબની પ્રતિમાના સાનિધ્યમાં મોન્સૂન મેઘ મલ્હાર પર્વ ૨૦૨૩ ની ઉજવણી કરવામાં આવી રહી છે. છોટા ઉદેપુર સાંસદ ગીતાબેન રાઠવાની પ્રેરણાદાયી ઉપસ્થિતિ વચ્ચે ખુલ્લા મુકાયેલા આ નવ દિવસીય મોન્સૂન ફેસ્ટિવલમાં રોજ અનેકવિધ થીમ આધારિત કાર્યક્રમો યોજાશે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતાનગરના વ્યૂ પોઈન્ટ-૧ ખાતે 'બરખા બહાર આઈ' ના થીમ આધારિત રંગારંગ સાંસ્કૃતિક અને મનોરંજક કાર્યક્રમો યોજાયો હતો, જેમાં જુના અને ખાસ કરીને




વરસાદ સાથે જોડાયેલ ફિલ્મી ગીતોની કરવામાં આવેલી રજુઆતથી પ્રવાસીઓ મન મુકીને ઝુમ્યા હતા. સાથે સમગ્ર દિવસભર યોગા કલાસ, કવિઝ કોન્ટેસ્ટ, ગ્લાસ પેઈન્ટિંગ જેવી અનેક રસપ્રદ એક્ટિવિટી પણ યોજાઈ હતી. પ્રવાસીઓ મન મુકીને મોન્સૂન મેઘ મલ્હારમાં ભાગ લઈ રહ્યા છે.

# માંડલી ખાતે સી.આર. સી.કક્ષાનું ગણિત વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન યોજાયું



પંકજ પંડિત
। ઝાલોદ, તા.૪ ।

દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાની માંડલી પ્રાથમિક શાળામાં વર્ષ,-૨૦૨૩-૨૪ નું ગણિત વિજ્ઞાન અને પર્યાવરણ માંડલી ક્લસ્ટરના સી.આર.સી.કો.ઓ.શ્રી હિતેશભાઈ સોલંકીની હાજરીમાં યોજાયું હતું.જેમાં નાળ ફળીયા વર્ગ પિછોડા પ્રા.શા.,માંડલી પ્રા.શા,કાવડાના મુવાડા પ્રા.શા, ઝુંસા મુખ્ય પ્રા.શા,મેંદી ફળીયા વર્ગ ઝુંસા વગેરે શાળાના બાળ વૈજ્ઞાનિકોએ ભાગ લીધો હતો.પ્રથમ નંબર મેળવેલ તમામ શાળાઓના બાળકોને તાલુકા કક્ષાએ ભાગ લઈ તાલુકામાં પણ પ્રથમ નંબર મેળવી જિલ્લા કક્ષાએ પણ પ્રતિનિધિત્વ કરવા માટે બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.આ પ્રસંગે માંડલી શાળાના મુ.શિક્ષક શ્રી મહેન્દ્રભાઈ હઠીલાએ બાળકોને અભિનંદન પાઠવ્યા હતાં.




ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની



કડાણા તાલુકાના લિમપુર ગામે દર વર્ષ ની જેમ આ વર્ષે પણ શ્રાવણ વદ પાંચમ ને સોમવાર ના રોજ નાગપંચમી નિમિત્તે શ્રી ભાનુભાઈ કે.ચૌધરી ના મઢ ખાતે ગોગમહારાજ તેમજ સ્થાપિત દેવી દેવતાઓ ના પૂજન અર્ચન નો પ્રોગ્રામ રાખેલ હતો શ્રી ભરતભાઈ એ.પંડ્યા દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી પૂજન અર્ચન કીધાં હતાં. સૌ એકત્રિત ભક્તો દ્વારા આરતી તેમજ પ્રસાદી નો લાભ લઈ આનંદ તેમજ ધન્યતા અનુભવી હતી. સૌ એ ધન્યતા અનુભવી હતી.

# ઝઘડિયાના ડમલાઇ ગામની શાળામાં ગણિત વિજ્ઞાન પ્રદર્શન યોજાયો

। મલેક યસદાની ભરૂચ, તા.૪ ।

ઝઘડિયા તાલુકાના ડમલાઈ ગામની પ્રાથમિક શાળામાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેમાં આમલઝર કલસ્ટરની ૧૫ શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. બાળકોએ ગણિત અને વિજ્ઞાનના વિવિધ સિધ્ધાંતોને ઉજાગર કરતી કૃતિઓ રજૂ કરી હતી. ભરૂચ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ બચુ વસાવા તથા પડવાણીયા ગૃપ ગ્રામ પંચાયતના સરપંચ સીમાબેન વસાવા સહિતના મહેમાનોએ હાજર રહી વિદ્યાર્થીઓએ પ્રોત્સાહિત કરાયાં હતાં. આ અવસરે દાતાઓ




તરફથી બાળકોને ગણવેશ સહિતની અન્ય જીવન જરૂરીયાતની વસ્તુઓ આપવામાં આવી હતી.

# જસદણથી સવારે ઉપડતી અમરેલી બગસરા રૂટનો નવાબી ઠાઠ : વિધાર્થીઓમાં મૂંઝવણ

હુસામુદ્દીન કપાસી
। જસદણ, તા.૪ ।

જસદણથી વહેલી સવારે ૫:૪૫ કલાકે ઉપડતી જસદણ અમરેલી રૂટની બસ જો મુસાફરોને અમરેલી બસ સ્ટેન્ડ પર સવારે ૭ કલાકે ઉતારે તો અનેક વિદ્યાર્થીઓ શિક્ષણ પર સમયસર પહોંચી શકે આ માટે એસ ટી તંત્રના અધિકારીઓ એ જાગવાની જરૂર છે.

જસદણ થી વહેલી સવારે અમરેલી જતી આ એસ ટી રૂટમાં જસદણ આટકોટ બાબરા ચિત્તલ લુણકી ભીલા કોટડાપીઠા જેવા અનેક ગામોના વિધાર્થીઓ પોતાની શાળા કોલેજ અને આઈ ટી આઈ જેવાં અભ્યાસક્રમો માટે



અમરેલી જાય છે પણ આ રૂટની બસ ક્યારેક તો સાવ બંધ રહે અને કયારેક તો અમરેલી મોડી પહોંચતી હોય એટલે વિધાર્થીઓ પોતાની શાળા કોલેજ અને આઈ ટી આઈ જેવા અભ્યાસ માટે સમયસર પહોંચી શકતા નથી આથી એસ ટી તંત્રનાં અધિકારીઓ આ રૂટને અમરેલી સવારે સાત વાગ્યે પહોચાડે અને નિયમિત કરે એવી વિદ્યાર્થીઓમાં માંગ ઉઠવા પામી છે.

## કેન્દ્રીય રાજ્ય કક્ષાના મંત્રી અને સાંસદ

# ડો. મહેન્દ્રભાઈ મુંજપરાની અધ્યક્ષતામાં વિરમગામ તાલુકાના જખવાડા ગામ ખાતે ગ્રામસભા યોજાઈ

## મંત્રી ડો. મહેન્દ્રભાઈ મુંજપરાએ 'સાંસદ આદર્શ ગ્રામ યોજના' અંતર્ગત જખવાડા ગામને પસંદ કર્યું



। વિરમગામ, તા.૪ ।

કેન્દ્રીય રાજ્યકક્ષાના મંત્રી અને સાંસદ શ્રી ડો. મહેન્દ્રભાઈ મુંજપરાની અધ્યક્ષતામાં 'સાંસદ આદર્શ ગ્રામ યોજના' અંતર્ગત પસંદ કરાયેલ વિરમગામ તાલુકાના જખવાડા ગામ ખાતે ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ગ્રામસભાની શરૂઆત ભારતના મિશન ચંદ્રયાન-૩ની ભવ્ય સફળતા માટે વડાપ્રધાનશ્રી અને ઈસરોના સૌ વૈજ્ઞાનિકોને અભિનંદન પાઠવી કરવામાં આવી હતી.

આ ગ્રામસભામાં છેલ્લા ત્રણેક વર્ષમાં થયેલ લગભગ ૧.૫ કરોડથી વધુના વિકાસ કામોની સૌએ સરાહના કરી હતી. આગામી સમયમાં 'સાંસદ આદર્શ ગ્રામ યોજના' અંતર્ગત ગામના વિકાસ માટેનો રોડમેપ તૈયાર કરવામાં આવ્યો હતો. ગ્રામજનો દ્વારા તેઓના સર્વાંગી વિકાસને લગતી રજૂઆતો અને વિનંતીઓ કરવામાં આવી હતી, જે અંગે મંત્રીશ્રી દ્વારા સંબંધિત વિભાગોને જરૂરી સૂચન કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રી અને ધારાસભ્યશ્રી દ્વારા જખવાડાને આદર્શ ગામ બનાવવા માટે મહત્વપૂર્ણ માર્ગદર્શન અને ખાતરી આપવામાં આવી હતી.

આ ઉપરાંત જિલ્લા કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે. એ લોકપ્રશ્નો સાંભળી તેના ત્વરિત ઉકેલ માટે સબંધિત અધિકારીશ્રીઓને સૂચના આપી હતી. આ ગ્રામસભામાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી મેહુલ દવે, વિરમગામના ધારાસભ્ય શ્રી હાર્દિકભાઈ પટેલ, અમદાવાદ ગ્રામ્ય પોલીસ અધિક્ષક શ્રી અમિતભાઈ વસાવા તથા પદાધિકારીશ્રીઓ, જિલ્લાના વિવિધ વિભાગોના અધિકારીશ્રીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# સ્ત્રીઓ માટે પથદર્શક પી.એચ.બચકાનીવાલા શાળાના આચાર્ય ડો.રીટાબેન ફૂલવાળા : 'શ્રેષ્ઠ શિક્ષિકા'નું રાષ્ટ્રીય સન્માન

## 'સાચા પરિશ્રમનું ફળ ઈશ્વર હંમેશા આપે જ છે અને એનું સાક્ષાત દ્રષ્ટાંત હું પોતે જ છું': આચાર્ય ડો. રીટાબેન



। સુરત, તા.૪ ।

મહાન લક્ષ્ય, જ્ઞાનની પ્રાપ્તિ, કઠોર પરિશ્રમ અને દ્રઢ નિશ્ચય..જો આ ચાર શબ્દોને અનુસરવામાં આવે તો જીવનમાં સફળતા હાંસલ કરતા કોઈ તાકાત તમને રોકી નહીં શકે.'' મહાન વૈજ્ઞાનિક, ભારતના મિસાઈલ મેન, પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. એ.પી. જે.અબ્દુલ કલામના આ ધ્યેય વાક્યને આત્મસાત કરી શિક્ષણક્ષેત્રે ૩૩ વર્ષની સુદીર્ઘ મંજલ કાપી અનેક વિદ્યાર્થીઓનું જીવન ઘડતર કરનારા સુરત શહેરની પી.એમ.બચકાનીવાલા શાળાના આચાર્ય ડૉ.રીટાબેન ફૂલવાળાની વર્તમાન વર્ષે રાષ્ટ્રીય કક્ષાના 'શ્રેષ્ઠ શિક્ષક' તરીકે પસંદગી કરવામાં આવી છે. સુરતના ખટોદરા, ખરવરનગરમાં આવેલી શેઠ પી.એચ. બચકાનીવાલા વિદ્યામંદિરમાં વર્ષ ૧૯૯૧માં ઈન્ચાર્જ આચાર્ય અને વર્ષ ૧૯૯૫થી આચાર્ય તરીકે તેઓ ફરજ બજાવે છે. નોંધનીય છે કે,દર વર્ષે શિક્ષક દિનના અવસરે આખા દેશના ૫૦ શિક્ષકોને દિલ્લી ખાતે રાષ્ટ્રપતિના હસ્તે રાષ્ટ્રીય પુરસ્કાર આપવામાં આવે છે. જેમાં આ વર્ષે ગુજરાતનાં બે શ્રેષ્ઠ શિક્ષકો પૈકી આચાર્ય રીટાબેનની પસંદગી સાથે સુરતનું ગૌરવ પણ વધ્યું છે. 'સંઘર્ષ વિના સફળતા નહીં' એમ જણાવી તેમણે પોતાની સંઘર્ષમય શિક્ષણ સફર વર્ણવતા કહ્યું કે, B.sc ગોલ્ડ મેડલિસ્ટ થયા બાદ લગ્ન નક્કી થતા મને આગળ કારકિર્દી બનાવવા કે નોકરી કરવા માટે ના પાડવામાં આવી હતી. પરંતુ મારી આત્મનિર્ભર બનવાની પ્રબળ ઈચ્છાને લાઈફ પાર્ટનરનો સહયોગ મળતા જ મેં તક ઝડપી આગળનું ભણતર શરૂ કર્યું. સામાજિક અને સંયુક્ત પરિવારની જવાબદારીઓ તેમજ ગર્ભાવસ્થા સાથે બિલ્લીમોરા ખાતેથી મ.ઈદ્ધંની શરૂઆત કરી. બસ કે ટ્રેનમાં રોજ અપ-ડાઉન અને સ્ટેશનના વેઈટિંગ રૂમમાં બેસીને આખા દિવસનું રિવિઝન પુર્ણ કરીને ઘરે જવાનું. ઘરે પહોંચતાની સાથે જ રસોડાનું હોમવર્ક શરૂ. પરીક્ષાના દિવસો દરમિયાન કામની સાથે સાથે જ મનમાં દરેક ફોર્મ્યુલા અને થિયરીનું રટણ તો ચાલુ જ હોય. દરરોજના આ નિત્યક્રમ સાથે B.Ed અને પછી સ.ઈદ્ધંમાં ડિસ્ટિકશન સાથે ઉત્તીર્ણ થઈ. શૈક્ષણિક જ્ઞાન અને અભિરૂચી સાથે P.hd પૂર્ણ કર્યું અને પછી 'ધેર ઈઝ નો લુક બેક' એમ કહી હળવા સ્મિત સાથે તેમણે વાતને આગળ ધપાવી. એક વર્ષ શિક્ષક તરીકે અને વર્ષ ૧૯૯૧થી મેં ઈન્ચાર્જ આચાર્ય તરીકે કારકિર્દીની શરૂઆત કરી હતી.

# શૈક્ષણિક કર્મચારીઓના પડતર પ્રશ્નોના ઠરાવો માટે રામધૂનના કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું



। કેતન મહેતા ભરૂચ, તા.૪ ।

વિધાન સભાની ચૂંટણી પહેલાં થયેલ સમાધાનના મુદ્દાઓનું હજુ સુધી નિરાકરણ ન આવતાં શાળા અને શિક્ષણના હિત માટે ભરૂચ જિલ્લાના તમામ સંચાલકશ્રીઓ, આચાર્યશ્રી, ઉ.મા. શિક્ષકો, માધ્યમિક શિક્ષકો, બિનશૈક્ષણિક કર્મચારી ઓએ મોટી સંખ્યામા હાજર રહીને સહકાર આપ્યો હતો. ભરૂચ જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના સંચાલક મંડળના પ્રમુખ શ્રી પ્રવિણસિંહજી રણા, માધ્યમિક શિક્ષણ સંઘના પ્રમુખ શ્રી રવીન્દ્રભાઈ પટેલ, આચાર્ય સંઘના પ્રમુખ શ્રીઅમિતસિંહજી વાસદીયા, શ્રી કિરીટસિંહજી મહીડા, શ્રી પુષ્કરસિંહજી તથા તમામ હોદ્દેદારો ઉપસ્થિત રહ્યાં હતાં અને ઉપસ્થિત સૌનો આભાર માન્યો હતો.

## વલસાડ જિલ્લાની કકવાડી પ્રાથમિક શાળાના બાળકોને મળી રહ્યું છે અદ્યતન શાળાકીય શિક્ષણ

# ગુજરાતના આદિવાસી જિલ્લામાં સ્થિત પ્રાથમિક શાળાના શિક્ષકો ઘડી રહ્યા છે રાજ્યના બાળકોનું ભવિષ્ય

। વિરમગામ, તા.૪ ।

શિક્ષકો એ આવતીકાલના સશક્ત યુવા અને સશક્ત સમાજનું ઘડતર કરે છે. તેથી જ શિક્ષકોના કાર્યની કદર કરવા અને તેઓના સન્માનમાં ૫ સપ્ટેમ્બરનો દિવસ આપણે 'શિક્ષક દિન' તરીકે ઊજવીએ છીએ. ગુજરાતમાં આજે શિક્ષણનું સ્તર સુધર્યું છે, અને રાજ્યના છેવાડાના વિસ્તારો સુધી ગુણવત્તાયુક્ત શિક્ષણનો વ્યાપ વધ્યો છે, જેમાં ગુજરાતના શિક્ષકોનું યોગદાન રહેલું છે.

માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દૂરંદેશી નેતૃત્વ હેઠળ, ગુજરાત સુનિશ્ચિત કરી રહ્યું છે કે સમગ્ર રાજ્યના વિદ્યાર્થીઓ સુધી અત્યાધુનિક શાળાકીય સુવિધાઓ પહોંચે. બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવાનું તેમનું આ વિઝન માત્ર શહેરો અને ગામડાઓ પૂરતું જ મર્યાદિત નથી પરંતુ, રાજ્યના અંતરિયાળ વિસ્તારોમાં આવેલી શાળાઓ પણ આજે સ્માર્ટ સ્કૂલો બની રહી છે. વલસાડ જિલ્લામાં સ્થિત કકવાડી પ્રાથમિક શાળા (KPS) સ્માર્ટ સ્કૂલિંગનું આવું જ એક શ્રેષ્ઠ ઉદાહરણ છે. કકવાડી પ્રાથમિક શાળાના શિક્ષકોના સમર્થન અને માર્ગદર્શને શાળાની સફળતામાં, યુવા વિદ્યાર્થીઓના ભવિષ્યને આકાર આપવામાં અને તેમની પ્રતિભાઓનું સંવર્ધન કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. તેમના અથાક પ્રયાસોના કારણે કકવાડી પ્રાથમિક શાળા ગુજરાતમાં ગુણવત્તાયુક્ત શિક્ષણની દીવાદાંડી બની છે, જે અસંખ્ય વિદ્યાર્થીઓના જીવનને ઉજાળે છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે વધુ પડતી કેલેરી ધરાવતું ભોજન ટાળો અને તમારા વ્યાયામને ભક્તિભાવપૂર્વક વળગી રહો. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. પોતાના પ્રિયપાત્ર સાથે નાનકડું વૅકેશન માણી રહેલાઓ માટે આ સમયગાળો ખાસ્સો યાદગાર બની રહેશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. નાણાકીય જીવન માં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો? બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. તમારા જીવનસાથી આજે કદાચ વધુ પડતા વ્યસ્ત થઈ શકે છે અને તમારી માટે સમય ફાળવી નહીં શકે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમે નવરાશની લહેજત માણવાના છો. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે. આજે તમારો કોઈ સબંધી કોઈ પૂર્વ સૂચના વિના તમારા ઘરે આવી શકે છે, જેના કારણે તમારો કિંમતી સમય તેમની આવભગત માં વેડફાઈ શકે છે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે એક કરતાં વધારે નર્વસબ્રેકડાઉન તમારી પ્રતિકાર તથા વિચારવાની શક્તિને હાનિ પહોંચાડી શકે છે. તમારી જાતને હકારાત્મક વિચારસરણી સાથે બીમારી સામે લડવા પ્રેરો. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. પરિવારના સભ્યનો આનંદી સ્વભાવ ઘરના વાતાવરણને ઝગમગતું કરી નાખશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારૂં ઈર્ષાયુક્ત વર્તન તમને દુઃખી તથા નિરાશ કરી શકે છે. પણ એ પોતાની જાત પર જ કરેલી ઈજા જેવું છે આથી તેના વિશે વિલાપ કરવા જેવો નથી. અન્યોની ખુશીઓમાં સહભાગી થવા તમારી જાતને પ્રેરો અને આમાંથી બહાર આવો. સમજદારીપૂર્વક રોકાણ કરો. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે ભય તમારી ખુશીને હાનિ પહોંચાડી શકે છે. તમારે એ સમજવાની જરૂર છે કે એ તમારા જ વિચારો અને કલ્પનાનું ઉત્પાદન છે. તે સ્વયંસ્ફૂરિતાને મારી નાખે છે- જીવનના આનંદને નુકસાન કરે છે અને આપણી કાર્યક્ષમતાન પંગુ બનાવે છે-આથી એ તમને બીકણ બનાવે એ પૂર્વે જ તેને ઉગતો જ ડામો. જે લોકો ના પરિવારજનો ની ફરિયાદ છે કે તેઓ પરિવાર ને પૂરતો સમય નથી આપતા.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારે મહત્વના નિર્ણયો લેવા પડશે- જે તમને તાણગ્રસ્ત તથા ખૂબ જ નર્વસ કરી મુકશે. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે, જોકે આ સમયે તમને ધન કરતા પોતાન સ્વાસ્થ્ય પર વધારે ધ્યાન આપવું જોઈએ? કામનું દબા તમારા મગજને ઘેરી વળશે છતાં તમારૂં પ્રિયપાત્ર તમને અમર્યાદ રૉમેન્ટિક આનંદ આપશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે કેટલીક અનિવાર્ય પરિસ્થિતિઓ તમને બેચેન કરી શકે છે.પણ તમારે તમારા મગજ પર કાબુ રાખી રાખી પરિસ્થિતિ સાથે કામ પાર પાડવા માટે તરત જ પ્રતિક્રિયા આપવાનું ટાળવું જોઈએ. તમારે આજે વસ્તુઓ ને બરાબર સમજવા નો પ્રયત્ન કરવો જોઈએ, નહીં તો તમે તમારા ફાજલ સમય પર આ બાબતો વિશે વિચારતા રહેશો.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારૂં સ્મિત હતાશા સામે સંકટ-મોચક જેવું કામ કરશે. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ? બાળકોને લઈને કેટલીક નિરાશાઓ થશે, કેમ કે તેઓ પોતાની કારકિર્દી પર ધ્યાન આપવાને બદલે અન્ય પ્રવૃત્તિઓ પાછળ વધુ સમય વેડફી રહ્યા છે. તમારા જીવનસાથીની તબિયતને કારણે તમે આજે તાણ હેઠળ રહો એવી શક્યતા છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. આખા દિવસ માં ભલે તમે ધન માટે સંઘર્ષ કર્યા હોય પરંતુ સાંજ ની સમયે તમને ધન લાભ થયી શકે છે. તમારા પરિવારના સભ્યો રાઈનો પહાડ બનાવી મુકે એવી શક્યતા છે. ભૂતકાળમાં તમારા પ્રિયપાત્રએ દાખવેલી ઉદાસીનતા માટે માફી આપી તમે તમારા જીવનને વધુ લાયક બનાલશો.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. આજ ના દિવસે તમારે તેવા મિત્રો થી બચવા ની જરૂર છે જે ઉધાર લે તો છે પરંતુ પાછું નથી કરતા? ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. તમારા જીવનસાથી આજે તમને ખુશ કરવા માટે ખાસ જહેમત લેશે.પવિત્ર અને નિર્ભેળ પ્રેમને અનુભવો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. ગ્રહ નક્ષત્રો ની સ્થિતિ આજ ના દિવસ માટે સારી નથી તેથી આજ ના દિવસે તમારે તમારા ધન ની ખાસ શુક્ક્ષ રાખવી જોઈએ? તમારા ઘરના વાતાવરણમાં તમે અનુકુળ ફેરફાર કરશો. આજે તમારો પ્રણય સાથૂી તમને કશું ક અતિ સુંદર કરીને આશ્ચર્યચકિત કરી મુકશે.

# ભારતીય ક્રિકેટ ટીમની કંગાળ ફિલ્ડિંગ, શરૂઆતમાં જ 3 કેચ છૂટયા



। નવી દિલ્હી, તા.૪ ।

એશિયા કપ ૨૦૨૩માં આજે ભારત અને નેપાળ વચ્ચે પલ્લેકેલે ઈન્ટરનેશનલ સ્ટેડિયમ, કેન્ડીમાં મહત્વની મેચ રમાઈ રહી છે. ભારતીય કેપ્ટન રોહિત શર્માએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. આ મેચ માટે ભારતીય ટીમમાં એક ફેરફાર કરવામાં આવ્યો હતો. ભારતીય ફાસ્ટ બોલર જસપ્રિત બુમરાહ પિતા બનવાને કારણે ભારત પરત ફર્યો હોવાથી આ મેચમાં રમી રહ્યો નથી. તેના સ્થાને ટીમમાં સિનિયર ફાસ્ટ બોલર મોહમ્મદ શમી આવ્યો છે. પાકિસ્તાન સામેની મેચમાં શમીને ટીમમાં સામેલ કરવામાં આવ્યો ન હતો. નેપાળની ટીમે શરૂઆતથી જ શાનદાર બેટિંગની શરૂઆત કરી દીધી હતી. ભારતીય પેસર્સ મોહમ્મદ શમી અને સિરાઝને બંને છેડેથી



નેપાળી ઓપનર્સે ધોલાઈ કરવાનું શરૂ કરી દીધું હતું. ઓપનર્સ આસિફ અને ભૂર્તેલ ભારતીય બોલર્સ પર હાવી દેખાયા હતા. પહેલી ૯ ઓવર્સનાં અંતે નેપાળનો સ્કોર વિના વિકેટે ૫૩ રન હતો. તો બીજી તરફ પહેલી પાંચ ઓવર્સમાં ભારતે કંગાળ ફિલ્ડિંગ પ્રદર્શન કરતાં ત્રણ કેચ પાડયા હતા. જેમાં એક કેચ સ્લીપમાં ઉભેલા શ્રેયસ ઐયરે પડ્યો હતો. એક કેચ સારા ફિલ્ડર ગણાતા વિરાટ કોહલીએ પણ ડ્રોપ કર્યો હતો. તો વિકેટની પાછળ એક કેચ ઈશાન કિશને પડ્યો હતો. ભારત અને નેપાળ વચ્ચેની મેચ નોકઆઉટ જેવી છે.

આ મેચ જીતનારી ટીમ સુપર-૪માં સ્થાન નિશ્ચિત કરી લેશે, જ્યારે હારનાર ટીમ ટુર્નામેન્ટમાંથી બહાર થઈ જશે. અગાઉ એશિયા કપમાં ભારતની પહેલી મેચ ભારત અને પાકિસ્તાન વચ્ચે કેન્ડીમાં જ થઈ હતી જે વરસાદના કારણે રદ થઈ ગઈ હતી. જેના કારણે બંને ટીમોને એક-એક પોઈન્ટ મળ્યા હતા. આ સાથે જ આ ગ્રુપમાં પાકિસ્તાન સુપ ૨-૪ માટે ક્વોલિફાય થઈ ગયું છે. નેપાળની ટીમ પોતાની પ્રથમ મેચમાં પાકિસ્તાન સામે ૨૩૮ રનના વિશાળ અંતરથી હારી ગઈ છે.

### ઈસરોના સૂર્ય મિશન પર વિશ્વની નજર

## આદિત્ય એલ૧ને એલ-૧ પોઈન્ટ પર પહોંચવા ૧૪૫ દિ'નો સમય લાગશે

### સૂર્યયાન પૃથ્વીથી ૧૫ લાખ કિલોમીટર દૂર આવેલ એલ-૧ પોઇન્ટ પરથી સૂર્યનો અભ્યાસ કરશે

। નવી દિલ્હી, તા.૪ ।

ચંદ્ર બાદ હવે ઈસરોના સૂર્ય મિશન પર વિશ્વની નજર ટકેલી છે. ઈસરો દ્વારા સૂર્ય મિશન આદિત્ય-એલ૧ (આદિત્યએલ૧)નું સફળ લોન્ચિંગ બાદ હવે તેના દ્વારા મોકલવામાં આવતા ડેટાને લઈ વિશ્વની મોટી મોટી એજન્સીઓ આંખ ટકાવીને બેઠી છે. આ સૂર્યયાન પૃથ્વીથી ૧૫ લાખ કિલોમીટર દૂર આવેલ એલ-૧ પોઈન્ટ પરથી સૂર્યનો અભ્યાસ કરશે. જો કે સૂર્યના આકરા તાપ વચ્ચે આ કામ જરા પણ સરળ નથી. સૂર્યની તીવ્ર ગરમીનો સામનો કરવા માટે આ મિશનની ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે. સૂર્યનું ઉપરનું વાતાવરણ મુખ્યત્વે ત્રણ સ્તરોમાં વહેંચાયેલું છે. ફોટોસ્ફિયર, ક્રોમોસ્ફિયર અને કોરોના. કોરોના એ સૌથી બહારનું સ્તર છે. આદિત્ય એલ૧ને એલ-૧ પોઈન્ટ પર પહોંચવા માટે ૧૪૫ દિવસનો સમય લાગશે. માત્ર ભારત જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ આ મિશનથી મળેલી માહિતીની રાહ જોઈ રહ્યું છે. વાસ્તવમાં કોરોના એ સૂર્યનું સૌથી સૌથી બહારનું આવરણ છે. પરંતુ તેનું તાપમાન અન્ય બે સ્તરો કરતાં ૫૦૦ થી ૨ હજાર ગણું વધારે છે. તેની જાડાઈ લગભગ ૧૦ હજાર કિલોમીટર હોવાનું



કહેવાય છે. વૈજ્ઞાનિકો અનુસાર, આ સ્તરનું તાપમાન ૧૦ થી ૨૦ લાખ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે હોય છે. અહીં ચાર્જ થયેલા વાયુઓની જ્યોત લહેરાતી રહે છે. આ સ્તર ગ્રહણ દરમિયાન જ જોઈ શકાય છે.

સૂર્યમાં ઉપરથી નીચે તરફ આગળ વધ્યે તો બીજું સ્તરએ ક્રોમોસ્ફીયર છે જે કોરોનાની નીચે અને ફોટોસ્ફિયરની ઉપર આવેલ છે. એવું માનવામાં આવે છે કે આ સ્તર ત્રણ હજાર કિલોમીટર જાડું છે. આ સ્તર લાલ રંગનું છે અને તેનો દેખાવ હાઈડ્રોજન બળી જાય ત્યારે જે રીતે રંગ દેખાય છે તેવો જ છે. અહીંથી સૌર તરંગો ઉત્પન્ન થાય છે જે કોરોના સુધી પહોંચે છે. આ સ્તરનં. તાપમાન સાત હજારથી ૧૪ હજાર ડિગ્રી સેલ્સિયસ હોવાનું કહેવાય છે.

આ ત્રણ સ્તરોમાં સૌથી નીચે ફોટોસ્ફિયર આવેલ હોય છે. આ સ્તરમાંથી નીકળતો પ્રકાશ પૃથ્વી પર પહોંચે છે અને આપણા બધાને પ્રકાશ આપે છે. મોટાભાગની ઊર્જા આ સ્તરમાંથી નીકળે છે જે પૃથ્વી પર પહોંચે છે.

# શ્રેયાંકાએ સીપીએલની એક મેચમાં ચાર વિકેટ ઝડપી

। ગુયાના, તા.૪ ।

ભારતની યુવા ઓફ સ્પિનર શ્રેયંકા પાટિલ હાલ મહિલા કેરેબિયન પ્રીમિયર લીગમાં એમેઝોન વોરીયર્સ તરફથી રમી રહી છે.

શ્રેયંકા સીપીએલમાં રમનાર પ્રથમ ભારતીય ખેલાડી છે. તેણે અત્યાર સુધી ભારત માટે ડેબ્યૂ પણ નથી કર્યું. તે પ્રથમ એવી ભારતીય મહિલા ખેલાડી છે જે ભારત માટે ડેબ્યૂ કર્યા વગર જ વિદેશી લીગમાં રમી રહી છે. હવે શ્રેયંકાએ સીપીએલમાં પોતાની કરામતી બોલિંગથી ઈતિહાસ રચી દીધો છે.



ગુયાના એમેઝોન વોરીયર્સ તરફથી રમતા ૨૧ વર્ષીય શ્રેયંકાએ બાર્બાડોસ રોયલ્સ વિરુદ્ધ મહિલા પ્રીમિયર લીગ માં ઈતિહાસ રચ્યો હતો. તેણે સીપીએલમાં પોતાની ચાર ઓવર દરમિયાન ૮.૫૦ની ઈકોનોમીથી બોલિંગ કરતા ૩૪ રન આપીને ૪ ખુબ જ મહત્વપૂર્ણ વિકેટ ઝડપી હતી. તેણે બાર્બાડોસની કેપ્ટન હેલી મેથ્યુઝ, રશાદા વિલિયમ્સ, આલિયા અને ચેડીયન નેશનને પોતાની શિકાર બનાવી હતી. અ સાથે જ તે સીપીએલની પ્રથમ એવી બોલર બની ગઈ છે જેણે ૪ વિકેટ હોલ લીધી છે. તે ભારતમાં રમાયેલી ડબલ્યુપીએલમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર તરફથી રમતી જોવા મળી હતી. તેણે ૬ મેચોમાં ૬ વિકેટ ઝડપી હતી. શ્રેયંકાએ બાર્બાડોસ રોયલ્સ વિરુદ્ધ ૪ વિકેટ ઝડપી ઈતિહાસ તો રચ્યો પણ તેની ટીમ તે મેચ જીતી શકી નહી. બાર્બાડોસની ટીમ આ મેચ ત્રણ વિકેટથી જીતી હતી.

એમેઝોન વોરીયર્સે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. જીએડબલ્યુની ટીમે ૨૦ ઓવરમાં ૪ વિકેટના નુકશાને ૧૪૬ રન બનાવ્યા હતા. એમેઝોન માટે સોફી ડિવાઈને સર્વાધિક ૪૨ રન બનાવ્યા હતા. ટાર્ગેટનો પીછો કરતા બાર્બાડોસની ટીમે ૩ વિકેટથી મેચ જીતી લીધી હતી. બાર્બાડોસ તરફથી એરિન બર્ન્સે ૫૩ રન બનાવ્યા હતા.

# એશિયા કપમાં ટીમોની જર્સી પરથી પાકિસ્તાનનો લોગો ગાયબ થયો

### ટીમોની જર્સીમાં એશિયા કપના લોગો હેઠળ યજમાન દેશનું નામ હોય છે જોકે, આ વખતે કોઇ ટીમની જર્સીમાં આવું જોવા મળ્યું નથી

। નવી દિલ્હી, તા.૪ ।

એશિયા કપ શરૂ થઈ ચૂક્યો છે. એશિયા કપની પહેલી મેચ પાકિસ્તાન અને નેપાળ વચ્ચે રમાઈ હતી. જેમાં પાકિસ્તાને નેપાળને ૨૩૮ રનથી પરાજય આપ્યો હતો. બીજી મેચ શ્રીલંકા અને બાંગ્લાદેશ વચ્ચે રમાઈ હતી. જેમાં શ્રીલંકાની ટીમે બાંગ્લાદેશને પાંચ વિકેટે હરાવ્યું હતું. ભારત પાકિસ્તાનની મેચ ધોવાઈ ગઈ હતી. આ બંને મેચોમાં તેમજ ભારતની ટીમના ફોટો શૂટ સમયે ટીમની જર્સીમાંથી પાકિસ્તાનનું નામ ગાયબ હોવાનું ઘણાએ જોયું હતું. ઘણાએ આ બાબતે વાંધો ઉઠાવ્યો છે. યજમાન દેશ હોવાને કારણે પાકિસ્તાનનું નામ તેમાં હોવું જોઈતું હતું તેવો દાવો થઈ રહ્યો છે.

ટીમોની જર્સીમાં એશિયા કપના લોગો હેઠળ યજમાન દેશનું નામ હોય છે. જોકે, આ વખતે કોઈ ટીમની જર્સીમાં આવું જોવા મળ્યું નથી. પાકિસ્તાનના પૂર્વ ખેલાડીઓ આ બાબતે રોષ વ્યક્ત કરી રહ્યા છે. ગયા વર્ષની એશિયા કપ યુએઈમાં રમાયો હતો. જોકે, શ્રીલંકા મુખ્ય યજમાન રહ્યું હતું. તેનું નામ ટીમની જર્સીમાં લખવામાં આવ્યું હતું. પણ આ વખતે આવું થયું



નથી. ૧૩માંથી ૯ મેચ શ્રીલંકામાં રમાવાની હોવા છતાં પાકિસ્તાન યજમાન ગણાય છે. ૨૦૨૩નો એશિયા કપ હાઈબ્રીડ મોડલમાં રમાઈ રહ્યો છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચેના ખાટા સંબંધોના કારણે ભારતીય ટીમ પાકિસ્તાનમાં રમવા ગઈ નથી. એશિયા કપના ઈતિહાસમાં પ્રથમ વખત આવું બન્યું છે. હિન્દુસ્તાન ટાઈમ્સના અહેવાલ મુજબ પાકિસ્તાનના ભૂતપૂર્વ કેપ્ટન રાશિદ લતીફે રોષ ઠાલવતાં કહ્યું હતું કે, આ અસ્વીકાર્ય છે અને એશિયા કપ એશિયન ક્રિકેટ કાઉન્સિલનો હોવાથી તેઓએ ચોખવટ કરવી પડશે. પાકિસ્તાનના ક્રિકેટ બોર્ડે રોશની શાંત પાડવાનો પ્રયાસ કર્યો છે. તેણે કહ્યું છે કે, ૨૦૨૨ની સીઝન પછી ભવિષ્યની ઈવેન્ટ્સમાં એશિયા કપના લોગોની નીચેથી યજમાન દેશનું નામ રદ કરવાનો ACC એ નિર્ણય લીધો હતો. જોકે, પાકિસ્તાની ક્રિકેટ બોર્ડના નિવેદન બાદ પણ ઘણા લોકો આ વાત સ્વીકારવા તૈયાર નથી. પાકિસ્તાનના ભૂતપૂર્વ બેટ્સમેન મોહસીન ખાને પણ ICCની ટીકા કરી હતી. તેણે કહ્યું હતું કે, આ નિવેદનનો કોઈ મતલબ નથી. ACC એ એશિયન ઈમર્જિંગ નેશન્સ કપ અથવા જુલાઈમાં મલેશિયામાં રમાયેલા એશિયન અંડર -૧૬ ઈવેન્ટના લોગો પર યજમાન દેશનું નામ કેમ રાખ્યું હતું? અહીં ઉલ્લેખનીય છે કે, એશિયા કપમાં અત્યાર સુધીમાં ૫ મુખ્ય મેચો રમાઈ ચૂકી છે. હવે ત્રીજી મેચ તારીખ ૨ સપ્ટેમ્બરને શનિવારે રમાઈ હતી. આ મેચ હાઈ વૉલ્ટેજ રહે તેમ હતી પરંતુ તે ધોવાઈ ગઈ હતી. કેમ કે, તેમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ટક્કર થશે. એશિયા કપમાં ભારતની આ પહેલી મેચ હતી.

### જસપ્રિત બુમરાહ પિતા બન્યો, સંજનાએ પુત્રને જન્મ આપ્યો



। મુંબઈ, તા.૪ ।

એશિયા કપ ૨૦૨૩માં આજે ભારત-નેપાળ વચ્ચે ટક્કર થશે. ભારતીય ટીમના સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ આજની મેચમાં ટીમની ભાગ નહી હોય. બુમરાહ ગઈકાલે મુંબઈ પરત ફર્યો હતો. હવે સમાચાર મળી રહ્યા છે કે બુમરાહ પિતા બની ગયા છે. તેમની પત્ની અને જાણીતી સ્પોર્ટ્સ પ્રેઝેંટર સંજના ગણેશને પુત્રને જન્મ આપ્યો છે. બુમરાહ પુત્રના જન્મ માટે જ મુંબઈ આવ્યો હતો. તે ત્રણ દિવસ બાદ ફરી ટીમ સાથે જોડાઈ જશે. ભારતીય ટીમના સ્ટાર બોલર જસપ્રીત બુમરાહે સોશ્યલ મીડિયા પર પત્ની સંજના સાથે પુત્ર અને પોતાના હાથની એક ફોટો શેર કરી છે. આ ફોટો શેર કરતા તેણે પોતાના પુત્રનું નામ પણ જણાવ્યું હતું. બુમરાહ અને સંજનાએ પોતાના પુત્રનું નામ અંગદ જસપ્રીત બુમરાહ રાખ્યું છે. બુમરાહે આ ફોટો શેર કરતા લખ્યું, અમારી નાનકડી ફેમિલી જરાંક મોટી થઈ ગઈ છે.

## વિશેષ

### શિક્ષક દિન વિશેષ । સરકારી શાળાઓની વિભાવના બદલતી અમદાવાદના સૂરજગઢ ગામની પ્રાથમિક શાળા

# શિક્ષક અરવિંદભાઈ વાઘેલાના રચનાત્મક પ્રયાસને કારણે સરકારી શાળાની આગવી ઓળખ બની

### અરવિંદભાઈએ કંડારેલાં ચિત્રોથી વર્ગખંડની બહાર પણ વિદ્યાર્થીઓ માટે વહી રહી છે જ્ઞાન- વિજ્ઞાનની સરવાણી

ક્યાંક રોમન અંકો, ક્યાંક શોધ અને શોધકોના નામ, ક્યાંક વૈજ્ઞાનિક પ્રયોગોમાં ઉપયોગમાં લેવાતા પત્રોના ચિત્રો છે, તો વળી ક્યાંક વેદ-પુરાણોના શ્લોકો, ક્યાંક ગુજરાતી અંગ્રેજી મહિનાઓ દર્શાવતી આકૃતિ દોરાયેલી છે, તો ક્યાંક સમય દર્શાવતી ઘડિયાળ દ્રશ્યમાન થાય છે.

અમદાવાદના વિરમગામ તાલુકાના સૂરજગઢ ગામની પ્રાથમિક શાળાના પરિસરમાં પ્રવેશતાંની સાથે જ આ શાળા અન્ય શાળાઓથી જુદી પડે તેવું અનુભવાય. કારણ કે આ શાળાના વિદ્યાર્થીઓને શાળામાં આવતા જતા, રિસેસમાં રમતા જમતા, શાળા સિવાયના સમયમાં હરતા ફરતા, એમ સરવાળે વર્ગખંડની બહાર ગમ્મત સાથે જ્ઞાન અને વિજ્ઞાનના પાઠ મળી રહે તેવું વાતાવરણ રચવામાં આવ્યું છે.

સૂરજગઢ ગામની પ્રાથમિક શાળામાં ૧૩ માર્ચ ૨૦૦૭થી કાર્યરત શિક્ષક શ્રી અરવિંદભાઈ વાઘેલાના પ્રયાસોથી શાળાની રોનક બદલાઈ છે. વિદ્યાર્થીઓને ભાર વિનાનું ભણતર પ્રાપ્ત થાય તે હેતુથી તેમણે અભ્યાસક્રમ અને સામાન્ય જ્ઞાનને માત્ર પુસ્તક પૂરતું સીમિત ન રાખી પ્રાથમિક શાળાના પરિસરમાં આવેલી વિવિધ દીવાલો પર જ્ઞાનવર્ધક ચિત્રો કંડારી શાળાને આગવી ઓળખ અપાવી છે.

શ્રી અરવિંદભાઈ વાઘેલાએ રચનાત્મક ચિત્રોથી શાળાની અદભુત સજાવટ કરી છે. દીવાલો પર છોટા







ભીમ ગણિતના દાખલા શીખવતો હોય, ચાર્ટ દ્વારા સરળતાથી ચડતા અને ઉતરતા ક્રમની સમજ, જિલ્લા અને તેના વડા મથકોને અલગ પ્રકારના રંગ, ત્રિકોણ, વર્તુળ જેવા આકારોની નવીન રીતે પ્રસ્તુતિ કરાઈ છે. જેનાથી શાળાના વિદ્યાર્થીઓને શાળા સમય સિવાય પણ રોકાવું પસંદ પડે છે. સૂરજગઢ પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી નરેશભાઈ જણાવે છે કે, અમે સૌ શિક્ષકો અને સહાયક સ્ટાફ શાળામાં એક પરિવારની જેમ રહીએ છીએ.

થોડા વર્ષો પહેલા અરવિંદભાઈએ પ્રયોગાત્મક ધોરણે દીવાલો પર ચિત્રો કંડારવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. જેને રાજીખુશીથી સૌએ વધાવ્યો હતો. આજે તેમનાં ચિત્રોને કારણે સૂરજગઢ પ્રાથમિક શાળાને માત્ર અમદાવાદ જ નહીં અન્ય જિલ્લાઓમાં પણ ખ્યાતિ મળી છે. અરવિંદભાઈનો આ કલાત્મક કર્મ-યજ્ઞ અન્ય શિક્ષકો માટે પણ પ્રેરણારૂપ છે. આ બાબતે શિક્ષક શ્રી અરવિંદભાઈ જણાવે છે કે, આપણે ત્યાં શિક્ષકોને માતા સમાન સન્માન આપવામાં આવે છે એટલે જ દેશી ભાષામાં શિક્ષકને 'મા-સ્તર' કહેવાય છે. ત્યારે એક શિક્ષક તરીકે વિદ્યાર્થીઓમાં જ્ઞાનની અભિવૃદ્ધિ કરવાની જવાબદારી વર્ગખંડ પૂરતી સીમિત રહેતી નથી, તેવું માનીને શાળાના સમગ્ર પરિસરમાં બાળકોને ચિત્ર સ્વરૂપે શીખ આપવાનો પ્રયાસ કર્યો છે. આમ, બાળકોને સરળતાથી સમજાય તે પ્રકારે દોરાયેલાં ચિત્રોથી અઘરા વિષય પણ સહેલા બની ગયા છે. શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીના વાલીઓ પણ અરવિંદભાઈ વાઘેલાના ભણાવવાના આ અનોખા અભિગમની પ્રશંસા કરી રહ્યા છે.

## ન્યૂઝ બ્રિફ

### સુરતમાંથી બોગસ પુરાવાનું સૌથી મોટું કૌભાંડ પકડાયું

। સુરત, તા.૪ ।

આધારકાર્ડ, પાનકાર્ડ, ચુંટણીકાર્ડ, જન્મપ્રમાણપત્ર જેવા ભારતીય નાગરિક તરીકેના આવશ્યક ઓળખના બનાવટી પુરાવાઓ બનાવી, દેશની સુરક્ષા સામે પ્રશ્નો ઉભા કરનારાઓના મુખ્ય સુત્રધારોને રાજસ્થાન અને ઉત્તર પ્રદેશ ખાતેથી પકડી પાડી રાષ્ટ્રવ્યાપી ગુનાનો પર્દાફાશ ઈકો સેલ દ્વારા કરવામાં આવ્યો છે. આરોપીઓ પાસેથી ૨ લાખ જેટલા આધારકાર્ડ, પાનકાર્ડ, ચૂંટણી કાર્ડ તથા જન્મ દાખલો કબ્જે કરવામાં આવ્યો છે. હાલના સમયમાં સમગ્ર ભારત દેશ અને તેમાં પણ ગુજરાત રાજ્યમાં બોગસ અને બનાવટી ઓળખના પુરાવાઓ બનાવી તેના આધારે ડી સીમકાર્ડ, લોન કૌભાંડો વ્યાપક માત્રામાં થઈ રહ્યાં છે.

### તાપીના વાલોડમાં વિરપોર ગામે ફેક્ટરીમાં બ્લાસ્ટ થયો

। તાપી, તા.૪ ।

તાપીના વાલોડ તાલુકાના વિરપોર ગામે ફેકટરીમાં બ્લાસ્ટની ઘટના બની છે. આ ઘટનામાં બે લોકોના મોત થયા છે. નવનિર્મિત ફેકટરીમાં મશીનરીના ઈન્સ્ટોલેશન સમયે બ્લાસ્ટ થયો. ફુટ ફેકટરીમાં બ્લાસ્ટ થતા બેના મોત થયા છે જોકે ત્રણ લોકો ઘાયલ થયા છે. રાજકોટની કમ્પનીના કર્મચારીઓ મશીનરી ઈન્સ્ટોલેશનની કામગીરી કરી રહ્યા હતા.તાપીના વાલોડ તાલુકાના વિરપોર ગામે ફેકટરીમાં બ્લાસ્ટની ઘટના બની છે.

## ભરૂચમાં પેઇનકિલરના ઓવરડોઝથી નશો કરવાનો કૌભાંડ

# નશો કરવા પ્રિસ્કીપશન વગર દવાઓ આપતા ૫ મેડિકલ સ્ટોર સંચાલક ઝડપાયા

। ભરૂચ, તા.૪ ।

ભરૂચમાં પેઈનકિલરના ઓવરડોઝથી નશો કરવાના કૌભાંડનો ભરૂચ પોલીસ તેમજ ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના જોઈન્ટ ઓપરેશનમાં પર્દાફાશ કર્યો છે. પ્રિસ્કીપશન વગર દવાઓ મેળવી નશો કરવાના મામલામાં તંત્રએ ૨૦ મેડિકલ સ્ટોરમાં ડમી ગ્રાહક મોકલ્યા હતા. ભરૂચમાં પેઈનકિલરના ઓવરડોઝથી નશો કરવાના કૌભાંડનો ભરૂચ પોલીસતેમજ ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના જોઈન્ટ ઓપરેશનમાં પર્દાફાશ કર્યો છે. પ્રિસ્કીપશન વગર દવાઓ મેળવી નશો કરવાના મામલામાં તંત્રએ ૨૦ મેડિકલ સ્ટોરમાં ડમી ગ્રાહક મોકલ્યા હતા જે પૈકી ૫ માં પ્રિસ્કીપશન વગર સંચાલકોએ દવા આપી દીધી હતી. ભરૂચ તાલુકા પોલીસ સ્ટેશનમાં કેબલ ચોરીના ગુનામાં ઝડપાયેલા આરોપીઓ ડ્રગ એડિક્ટ હતા. આ આરોપીઓ નશાની દવાઓ વિના રહી શકતા ન હતા. આરોપીઓની ઉડાણપૂર્વક પુછપરછમાં તેઓ દર ત્રણ -ચાર કલાકે "SEMDX- PLUS" નામની દવાનું સેવાન કરતા હતા. આ દવા પેઈનકિલર છે જેનો ઓવરડોઝ લઈ નશો કરવામાં આવતો હતો.ભરૂચ જીલ્લાના પોલીસ અધિક્ષક મયુર ચાવડા દ્વારા માહિતી સામે આવતા દહેજ વિસ્તારમાં આવેલ મેડીકલ સ્ટોર ઉપર "SEMDX- PLUS" નામની ટેબલેટનું ડૉક્ટરના પ્રિસ્ક્રીપ્શન વગર વેચાણ કરતા મેડીકલ સ્ટોરના સંચાલકોને શોધી કાઢી તેમની સામે કાર્યવાહી કરવા સુચના આપી હતી.આ સુચનાના આધારે ૩ સપ્ટેમ્બરના રોજ રોજ પોલીસ ઈન્સપેક્ટર ઉત્સવ બારોટ એલ.સી.બી. તથા પોલીસ ઈન્સ્પેક્ટર આનંદ ચૌધરી એસ.ઓ.જી. એ અલગ-અલગ ટીમો બનાવી ફુડ એન્ડ ડ્રગ્સના અધિકારીઓ સી.એન. કળથીયા તથા કે.પી.વારલેકર નાઓને સાથે રાખી ડૉક્ટરના પ્રિસ્ક્રીપ્શન વગર "SEMDX-PLUS" નામની ટેબલેટ ખરીદ કરવા માટે ડમી ગ્રાહકો મોકલ્યા હતા.દહેજ વિસ્તારમાં આવેલ અલગ-અલગ ૨૦ મેડીકલ સ્ટરો ઉપર "SEMDX- PLUS" ટેબલેટ ખરીદવા ગ્રાહકો મોકલાયા હતા જે પૈકી ૫ એ પ્રિસ્ક્રીપ્શન વગર આ દવા આપી દીધી હતી.આ મેડીકલ સ્ટોરો ઉપર ફુડ એન્ડ ડ્રગ્સના અધિકારીઓ દ્વારા સ્થળ પર કાયદેસરની કાર્યવાહી કરી મેડીકલ સ્ટોરોને તાત્કાલીક બંધ કરાવી મેડીકલ સ્ટોરના માલિકો વિરુધ્ધ વડી કચેરીમાં રિપોર્ટ કર્યો હતો. ૫ પૈકી ૪ મેડિકલ સ્ટોરમાં ફાર્માસીસ્ટ હાજર પણ મળ્યા ન હતા.

પ્રિસ્ક્રીપ્શન વગર દવા આપતા ઝડપાયેલ મેડિકલ સ્ટોરના નામ નીચે મુજબ છે ન્યુ મા મેડીકલ સ્ટોર, શોપ નંબર ૫, ઋષિરૂપ કોમ્પ્લેક્સ દહેજ ચોકડી, તા. વાગરા જી. ભરૂચ ભાવના મેડીકલ એન્ડ જનરોલ સ્ટોર, શોપ નંબર ૬ અને ૭, શાલીગ્રામ કોમ્પ્લેક્સ પોસ્ટ જોલવા તા. વાગરા જી. ભરૂચ.

## રાજકોટ શહેરમાં આ વખતે મોંઘવારીની માર દેખાઈ રહી છે

# જન્માષ્ટમી પહેલાં રંગીલા રાજકોટના બજારોમાં મંદીનો માહોલ સર્જાયો

### લોકો અહીંયા ખૂબ મજાથી ખરીદી કરે છે પણ આ વર્ષે આ રોડ પર મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે

। રાજકોટ, તા.૪ ।

અહીંયાના લોકો જીવન શાનથી જીવે છે પણ રંગીલા નામે ઓળખાતા રાજકોટ શહેરમાં આ વખતે મોંઘવારીની માર દેખાઈ રહી છે. દર વર્ષે જન્માષ્ટમી પહેલા રાજકોટના ધર્મેન્દ્ર રોડ પર તેજીનો માહોલ જામતો હોય છે. પરંતુ આ વખતે બજારમાં સુસ્તીનો માહોલ નજરે પડી રહ્યો છે.

એવું લાગી રહ્યું છે કે, જાણે રાજકોટવાસીઓને મંદીનો માર નડી રહ્યો છે. આ વખતે બજારમાં ખૂબ ઓછા લોકો પ્રમાણમાં લોકો ખરીદી કરી રહ્યા છે જેના કારણે વેપારીઓને હાલ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ધર્મેન્દ્ર રોડ વેપારી એસોસિએશનના પ્રમુખ પ્રાંત કલ્યાણીએ જણાવ્યું હતું કે, સાતમ-આઠમ પર જે ઘરાકી આ રોડ પર જોવા મળતી એ ઘરાકી આજે આ રોડ પર જોવા મળી રહી નથી. ધર્મેન્દ્ર રોડ એટલે સૌરાષ્ટ્રની શાન કારણ કે, રાજકોટ સહિત સૌરાષ્ટ્રના લોકો અહીંયાથી પોતાના કપડાંથી લઈને મોટાભાગની ખરીદી કરે છે. કારણ કે, લોકો અહીંયા ખૂબ મજાથી ખરીદી કરે છે પણ આ વર્ષે આ રોડ પર મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે.જન્માષ્ટમી પહેલા આ રોડ પર બાળકો અને મહિલાઓની ભારે ભીડ જોવા મળે છે. કારણ કે, અહીંયાથી જ લોકો મોટાભાગની ખરીદી કરે છે પણ આ વર્ષે મોંઘવારીનું કારણ હોય કે, અન્ય કારણ પણ આ વર્ષે મંદિનો માહોલ જોવા મળી રહ્યો છે અને ખરીદીનો અભાવ જોવા મળી રહ્યો છે. જન્માષ્ટમીના તહેવારને માત્ર ૨-૩ દિવસ જ બાકી છે પણ બજારમાં હજુ ખરીદી કરવા લોકો નીકળ્યા નથી.

## મૃતક ધોરણ-૭માં કરતી અભ્યાસ હતી

# સુરતના પાંડેસરમાં ૧૨ વર્ષની કિશોરીએ ગળેફાંસો ખાધો

। સુરત, તા.૪ ।

સુરતના પાંડેસરામાં રત્ન કલાકારની ૧૨ વર્ષની દીકરી રહીતિએ ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું છે. કર્મયોગી સોસાયટી નંબર-૨માં રહેતી કિશોરીએ રૂમની અંદર દુપટ્ટો અને રૂમાલ વડે ગળેફાંસો ખાંધો હતો.

મૃતક કિશોરી ધોરણ-૭માં અભ્યાસ કરતી હતી. સુરત શહેરમાં વધુ એક આપઘાતનો બનાવ બનતા ચકચાર મચી છે. પાંડેસરામાં રત્ન કલાકારની ૧૨ વર્ષની દીકરી રહીતિએ ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું છે. કર્મયોગી સોસાયટી નંબર-૨માં રહેતી કિશોરીએ રૂમની અંદર દુપટ્ટો અને રૂમાલ વડે ગળેફાંસો ખાંધો હતો. મૃતક કિશોરી ધોરણ-૭માં અભ્યાસ કરતી હતી.

જો કે આપઘાતનું કારણ અકબંધ છે. બનાવને પગલે લોકોના ટોળા ભેગા થયા હતા. દીકરીના આપઘાતથી પરિવારમાં શોકનો માહોલ છવાય.મૃતકના પિતા રત્ન કલાકારનું અને માતા શૂટ કટિંગનું કામ કરતી હતી. ૧૦૮ એમ્બ્યુલન્સના તબીબે ઘટનાસ્થળે પહોંચી કિશોરીને મૃત જાહેર કરી હતી.કિશોરીએ કેમ આપઘાત કર્યો તેની પોલીસે તપાસ હાથ ધરી છે.

## શ્રાવણ માસને લઈ ઠેર ઠેર પોલીસ ચાંપતી નજર

# વસ્ત્રાપુરના ન્યુયોર્ક ટાવરમાં ચાલતા જુગારના અડ્ડા પર PCBની રેડ પડી

। અમદાવાદ, તા.૪ ।



હાલમાં શ્રાવણ માસને લઈ ઠેર ઠેર પોલીસ ચાંપતી નજર રાખી રહી છે. જેની વચ્ચે હવે અમદાવાદમાં PCB એ વસ્ત્રાપુરના ન્યુયોર્ક ટાવરમાં ચાલતા જુગારના અડ્ડા પર રેડ કરી છે. રેડ દરમ્યાન ૧૯ લોકો સ્થળ પર હાજર મળી આવ્યા. જુગારીઓએ જુગાર રમવા ઓફિસ રાખી હતી.

અમદાવાદમાં PCB ટીમે વસ્ત્રાપુર વિસ્તારમાં દરોડા પાડ્યા. આ જુગારધામ રેડમાં ૧૯ જુગારી જુગાર રમતા ઝડપાયા છે. સાણંદ APMC ચેરમેન ખેંગાર સોલંકીને પણ આ રેડમાં ઝડપી પાડ્યો છે. જુગાર રમવા ન્યૂયોર્ક ટાવરમાં ઓફિસ રાખી હતી. બુકી ધવલ ઉંઝા આ સમગ્ર જુગારનો અડ્ડો ચલાવતો હતો. PCB ટીમે વસ્ત્રાપુર વિસ્તારમાં દરોડા પાડી આ સમગ્ર વાતનો પર્દાફાશ કર્યો હતો. જોકે આ રેડમાં અનેક માહિતીઓ સામે આવી હતી. જેમાં જુગાર રમવા માટે ઓફિસમાં રુપિયા ગણવાનું મશીન પણ આ જુગારીઓ રાખતા હતા.

## પીસીબીએ દરોડો પાડીને નકલી દારુની ફેક્ટરી ઝડપી

# સુરતના ઈચ્છાપોર વિસ્તારમાંથી નકલી દારુની ફેક્ટરી ઝડપાઈ

### પોલીસે ૯.૨૮ લાખનો મુદ્દામાલ પણ ઝડપી પાડ્યો છે, અલગ અલગ બ્રાન્ડની બોટલોમાં નકલી દારુને મશીન વડે પેક કરીને સુરત વિસ્તારમાં વેચતા હતા

। સુરત, તા.૪ ।

સુરતના ઈચ્છાપોર વિસ્તારમાંથી નકલી દારુની ફેક્ટરી ઝડપાઈ છે. પીસીબીએ દરોડો પાડીને નકલી દારુની ફેક્ટરી ઝડપી પાડી છે. ઈચ્છાપોર વિસ્તારમાં નકલી દારુ બનાવવામાં આવ્યો હતો, જેને ઝડપી લેવામાં આવ્યો છે. પોલીસે ૯.૨૮ લાખનો મુદ્દામાલ પણ ઝડપી પાડ્યો છે. સુરતના ઈચ્છાપોર વિસ્તારમાંથી નકલી દારુની ફેક્ટરી ઝડપાઈ છે. પીસીબીએ દરોડો પાડીને નકલી દારુની ફેક્ટરી ઝડપી પાડી છે. ઈચ્છાપોર વિસ્તારમાં નકલી દારુ બનાવવામાં આવ્યો હતો, જેને ઝડપી લેવામાં આવ્યો છે. પોલીસે ૯.૨૮ લાખનો મુદ્દામાલ પણ ઝડપી પાડ્યો છે.

અલગ અલગ બ્રાન્ડની બોટલોમાં નકલી દારુને મશીન વડે પેક કરીને સુરત વિસ્તારમાં વેચતા હતા. બાતમીના આધારે પીસીબીએ દરોડો પાડ્યો હતો અને જેમાં બે આરોપીઓને પણ ઝડપી લેવામાં આવ્યો છે. આરોપી કલ્પેશ સામરીયા નામનો શખ્શ આ નકલી દારુ બનાવવાની ફેકટરીનુ સંચાલન કરતો હતો.




# ડાંગરની ખેતી કરતા ખેડૂતો પર ચિંતાના વાદળો ઘેરાયા

। નવસારી, તા.૪ ।

નવસારીમાં હવે જગતનો તાત ફરી મુશ્કેલીમાં મુકાયો છે. વરસાદની હાથતાડીને કારણે પાક સુકાયો છે. વરસાદ નહીં વરસતા ડાંગર અને શેરડીનો પાક બરબાદ થયો છે. પાણી ન મળતા પાકમાં જીવાત પડી છે. સદલાવ ગામના ખેડૂતો મુખ્યત્વે ડાંગર અને શેરડીની ખેતી કરે છે. જુલાઈમાં અતિવૃષ્ટિના કારણે શેરડી અને અન્ય પાકને નુકસાન થયું હતું. એવામાં ઓગસ્ટ મહિના બાદ વરસાદે હાથ તાડી આપી છે.

દક્ષિણ ગુજરાતમાં વરસાદ ખેંચાતા ડાંગરની ખેતી કરતા ખેડૂતો પર ચિંતાના વાદળો ઘેરાયા. ઓગસ્ટ મહિનામાં વરસાદ નહીં પડતા ડાંગર અને શેરડીના પાકને ભારે નુકસાન થઈ રહ્યું છે. ડાંગર પકવવા માટે તૈયાર કરવામાં આવેલુ ધરું સુકાઈ જવાના આરે છે. જિલ્લામાં અંદાજે ૭૦ હજાર હેક્ટરથી વધુ વિસ્તારમાં શેરડી અને ડાંગરનું વાવેતર કરવામાં આવ્યું છે. જેમાં મોટાપાયે ડાંગરનું વાવેતર છે.

## શ્રાવણી મેળો વિવાદનો મેળો બન્યો

# જામનગરમાં મહાનગર પાલિકા સંચાલિત શ્રાવણી મેળામાં એક બાદ એક વિવાદ સામે આવ્યો

### નિયમભંગ બદલ નોટીસ આપ્યા બાદ પણ કોઈ કાર્યવાહી ના કરતા મનપા દ્વારા 33 પ્લોટને દંડ ફટકારી વીજ કનેક્શન કાપવામાં આવ્યા છે

। જામનગર, તા.૪ ।

જામનગરમાં શ્રાવણી મેળો વિવાદનો મેળો બન્યો છે. મેળાના ૫૮ સ્ટોલ પૈકી ૩૩ સ્ટોલના વીજ કનેકશન તંત્ર દ્વારા કાપવામાં આવ્યા છે. નિયમભંગ બદલ નોટીસ આપ્યા બાદ પણ કોઈ કાર્યવાહી ના કરતા મનપા દ્વારા ૩૩ પ્લોટને દંડ ફટકારી વીજ કનેક્શન કાપવામાં આવ્યા છે. જામનગર શહેરમાં મહાનગર પાલિકા સંચાલિત શ્રાવણી મેળામાં એક બાદ એક વિવાદ સામે આવ્યા છે. મેળામાં કુલ ૫૮ પ્લોટ આવેલા છે. જેમને આપવામાં આવેલી નિયત જગ્યા કરતા વધુ જગ્યાનો ઉપયોગ કરતા હોવાનું મહાનગર પાલિકાના ચેકીંગમાં સામે આવ્યું હતું. જે ૨૦ ટકાથી વધુ જગ્યાનો ઉપયોગ કરતા હોય તેવા ૩૩ પ્લોટ ધારકોને નોટીસ આપવામાં આવી હતી. જેમાં કુલ ૧૩.૫૦ લાખનો દંડ ભરવા આદેશ કર્યો હતો. પરંતુ દંડ ના ભરતા મહાનગર પાલિકા દ્વારા એક સાથે ૫૮ પ્લોટ પૈકી ૩૩ પ્લોટના લાઈટ કનેક્શન કાપી નાખવા આદેશ કર્યો છે. મેળામાં અનેક રેકડીવાળા અને પાથરણાવાળાઓએ કબ્જો કર્યો હતો. જેની ફરીયાદ ઉઠતા તેને દુર કરવા માટે મહાનગર પાલિકાની ટીમ દ્વારા મેળામાં ચેકીંગ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન પ્લોટધારકો દ્વારા ફાળવેલ જગ્યા કરતાં વધુ જગ્યાનો કબ્જો કર્યો હોવાનું સામે આવ્યું હતું. તેથી મહાનગર પાલિકાએ દંડ ભરવા નોટીસ આપી હતી. પરંતુ મેળામાં પ્લોટધારકો નોટીસને ગણકારી નહી. તેથી ૩૩ પ્લોટના વીજ કનેકશન કાપવા મહાનગર પાલિકાએ PGVCLને આદેશ આપ્યો હતો. જેના કારણે ૫૫ ટકા પ્લોટમાં લાઈટ ગુલ થઈ છે. હવે પ્લોટ માલિકોએ દંડની રકમ ભરવા અને ફરી વીજ કનેક્શન મેળવવા દોડધામ શરૂ કરી છે.

મેળામાં આ પ્રથમ વિવાદ નથી. મેળામાં પ્લોટધારકો અનેક નિયમોનો ભંગ કરતા હોવાની ફરીયાદ ઉઠી છે. મેળામાં વીજ ચોરી કરતા હોવાની ફરીયાદ થઈ હતી. તો આશરે ૩૫થી વધુ રેકડી વાળાઓએ મેળામાં કબ્જો કરીને વેપાર શરૂ કર્યો હતો. માત્ર ૮ પ્લોટમાં ફાયર સેફટીની મંજુરી મેળવી છે. રાઈડસના સંચાલકો દ્વારા રાઈડ્સના ભાવ નક્કી થયા હોય તેના બોર્ડ લગાવવાના હોય છે, પરંતુ તે નિયમનું પણ સંચાલકો પાલન કરતા નથી. તેથી મનોરંજનનો આ મેળો લોકો માટે લૂંટ મેળો બનતો હોય તેવું લાગે છે. નિયમોના પાલન કરવાની જેની જવાબદારી છે. તે કોઈ પગલા ના લેતા હોવાથી લોકોને વધુ નાણા ચુકવવા પડે છે.જામનગરમાં આ વખતે શ્રાવણી મેળો વિવાદો સાથે શરૂ થયો છે.
















માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨